
સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS


CBIના નવા ડિરેક્ટર તરીકે શ્રી ઋષિ કુમાર શુક્લાની નિમણૂક



International IP Index 2019


RBIની Monetory Policyની બેઠકમાં લેવાયેલા અગત્યના નિર્ણયો



શોપિંગ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એક્ટ, 2019



Polar Vortex : કાતીલ ઠંડીનું કારણ

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)

[FEB - 2019]
[03/02 to 09/02]

# WEEK-06

**CURRENT**

- ભારતનો સંદેશાવ્યવહાર ઉપગ્રહ GSAT-31 સફળતાપૂર્વક લોન્ચ
- રાષ્ટ્રીય આદિવાસી કલા મહોત્સવ 2019
- ભારતમાં રૂ.40,000કરોડના ખર્ચે 6 સબમરીનના નિર્માણની મંજૂરી
- ગોવાના ડાબોલિમ એરપોર્ટમાં ભારતના પ્રથમ GI સ્ટોરનો પ્રારંભ
- વિશ્વ કેન્સર દિવસ(World Cancer Day)
- ઈન્ટરમીડિયેટ રેન્જ ન્યુક્લિયર ફોર્સિઝ ટ્રીટી(INF)માંથી અમેરિકા બહાર

t.me/icerajkotofficial | icerajkot | icerajkot | icerajkot

SADGURU COMPLEX, 2nd FLOOR, NR. AKSHAR MANDIR,
KALAWAD ROAD, RAJKOT-360001.
CALL : 9375701110 / 9328001110

## 3 FEBRUARY, 2019 SUNDAY

### ➤ ઉત્તરાર્ધ મહોત્સવ 2019



તાજેતરમાં 2-3 ફેબ્રુઆરી, 2019 દરમિયાન ગુજરાતમાં **મોઢેરા** ખાતે આવેલા પ્રસિદ્ધ **સૂર્ય મંદિર**માં **ઉત્તરાર્ધ મહોત્સવ 2019**નું આયોજન થયું હતું.

- આ મહોત્સવમાં શિલ્પ, સ્થાપત્ય, સંગીત અને નૃત્ય કલાનો અનેરો સંગમ જોવા મળે છે.
- આ નૃત્ય મહોત્સવ સામાન્ય રીતે **દર વર્ષે ઉત્તરાયણ બાદ જાન્યુઆરી મહિનાના ત્રીજા સપ્તાહના અંત**માં યોજાય છે.
- જોકે, તાજેતરમાં ગુજરાતમાં 'વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ 2019'ના આયોજનને કારણે 2-3 ફેબ્રુઆરી, 2019 દરમિયાન આ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

**નોંધ :** **મોઢેરા** ગુજરાતના **મહેસાણા** જિલ્લાના **બહુચરાજી** તાલુકામાં આવેલું છે.

### ➤ આયુષ્માન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (AB-PMJAY)ના અમલીકરણ માટે ત્રણ મોડલનો પ્રસ્તાવ




કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં **'આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના' (AB-PMJAY)**ના અમલીકરણ માટે રાજ્યો સમક્ષ **ત્રણ મોડલ**નો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.

- આ ત્રણ મોડલમાં **(1) વીમા મોડલ** **(2) ટ્રસ્ટ બેઝ્ડ મોડલ** અને **(3) હાઈબ્રીડ મોડલ**નો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE

**વીમા મોડલ**

આ મોડલ અંતર્ગત સરકાર વીમા કંપનીને પ્રીમિયમ ચૂકવશે. અને વીમાનું વળતર વીમા કંપની ચૂકવશે.

**ટ્રસ્ટ બેઝ્ડ મોડલ**

આ મોડલ અંતર્ગત પ્રત્યેક રાજય યોજનાના અમલ માટે રાજ્ય સ્તરે એક ટ્રસ્ટની રચના કરશે. અને વીમાનું વળતર રાજ્ય અને કેન્દ્ર દ્વારા નિર્મિત સંયુક્ત ભંડોળમાંથી આપવામાં આવશે.

**હાઈબ્રીડ મોડલ**

આ મોડલ અંતર્ગત કેટલુંક વળતર વીમા મોડલ દ્વારા તો કેટલુંક વળતર ટ્રસ્ટ મોડલ અંતર્ગત ચૂકવવામાં આવશે.

**આયુષ્માન ભારત યોજના**

23 સપ્ટેમ્બર, 2018ના રોજ ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**એ **ઝારખંડ**ની રાજધાની **રાંચી**ના **પ્રભાત તારા મેદાન** ખાતે યોજાયેલા સમારોહમાં **'આયુષ્માન ભારત યોજના'**નો શુભારંભ કરાવ્યો હતો.

- 'આયુષ્માન ભારત' **વિશ્વની સૌથી મોટી** સ્વાસ્થ્ય યોજના છે.

## યોજનાનું પૂરું નામ

'આયુષ્માન ભારત યોજના'નું પૂરું નામ **'આયુષ્માન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના' (AB-PMJAY)** છે.

- **અમેરિકા**માં લોકપ્રિય બનેલી સ્વાસ્થ્ય યોજના **'ઓબામાકેર'**ને આધારે તૈયાર થયેલી આ યોજનાને **'મોદીકેર' (Modicare)** તરીકે પણ ઓળખવામાં આવે છે.

## આ યોજનાનો ઉદ્દેશ શું છે ?

આ યોજનાના મુખ્ય બે ઉદ્દેશ છે :

(1) દેશના તમામ વિસ્તારોમાં પ્રાથમિક આરોગ્ય સેવાઓ પહોંચાડવા માટે **એક સુવ્યવસ્થિત નેટવર્ક**નું સર્જન કરવું અને

(2) ગૌણ અને તૃતીય કક્ષાની સ્વાસ્થ્ય સેવાઓથી વંચિત દેશની ઓછામાં ઓછી **40 ટકા વસતી**ને વીમા કવચ પૂરું પાડવું.

આ યોજના અંતર્ગત ભારતના **10 કરોડ કુટુંબો**ને અને ભારતની કુલ વસતીના **40 ટકા** લોકોને એટલે કે આશરે **50 કરોડ લોકો**ને **રૂ. 5 લાખ** સુધીનો **સ્વાસ્થ્ય વીમો** ઉપલબ્ધ કરાવવામાં આવશે.

## આ યોજનાનો લાભ કોને મળશે ?

આ યોજનાનો લાભ લેવા માટે લાભાર્થીનું નામ અને તેમના કુટુંબના સભ્યોનું નામ **સામાજિક-આર્થિક અને જાતિ આધારિત સર્વેક્ષણ 2011**ની યાદીમાં હોવું જરૂરી છે.

- કુટુંબની માસિક આવક **દસ હજારથી ઓછી** હોય તેને આ યોજનાનો લાભ મળશે.
- આ યોજનાનો લાભ લેવા માટે લાભાર્થીએ આધારકાર્ડ, ઈ–કાર્ડ, "મા" અથવા "મા–વાત્સલ્ય" કાર્ડમાંથી કોઈપણ એક કાર્ડ અને રાશનકાર્ડ સાથે રાખવાનું રહેશે.
- આ યોજના અંતર્ગત **આયુષ્માન ભારત ફેમિલી હેલ્થ કાર્ડ** પણ આપવામાં આવશે.
- આ યોજના અંતર્ગત **ઈ-કાર્ડ** પણ મળશે.

## આ યોજનાથી શું લાભ મળશે ?

આ યોજના અંતર્ગત દર્દીઓને **કેશલેસ સારવાર** પ્રદાન કરવા માટે સરકારના હાલના જાહેર આરોગ્ય કેન્દ્રોને **વેલનેસ કેન્દ્રો**માં અપગ્રેડ કરવામાં આવશે.

- આ યોજના અંતર્ગત લાભાર્થીઓને નીચેનો લાભ મળશે :

(1) સરકારે નિર્ધારિત કરેલા જાહેર/ખાનગી દવાખાનાઓમાં કેશલેસ સારવાર મળશે.

(2) દ્વિતીય અને તૃતીય કક્ષાની સારવાર માટે હોસ્પિટલમાં દાખલ થઈને સારવાર કરાવવાની સુવિધા પણ મળશે.

(3) **પરિવાર દીઠ** વાર્ષિક રૂ. **5 લાખ**નું વીમા કવચ મળશે.

(4) કોઈપણ ઉંમરના કુટુંબના દરેક સભ્યોને આ યોજનાનો લાભ મળશે. આ યોજના અંતર્ગત ઉંમર કે કુટુંબના સભ્યોની સંખ્યા પર કોઈ જ મર્યાદા નથી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(5) નોંધણીના પ્રથમ દિવસથી જ યોજના અંતર્ગત આવરી લીધેલા રોગોની સારવાર.

(6) સમગ્ર ભારતમાં નોંધાયેલા સ્વાસ્થ્ય કેન્દ્રો પર સુવિધા ઉપલબ્ધ.

(7) રહેઠાણથી હોસ્પિટલ સુધી પહોંચવાનું પરિવહન ભથ્થું પણ મળશે.

(8) એલોપથી ઉપરાંત અન્ય વૈકલ્પિક ચિકિત્સા પદ્ધતિ દ્વારા સારવારનો વિકલ્પ પણ ઉપલબ્ધ.

(9) આ યોજના અંતર્ગત કોઈપણ રાજ્યમાં સારવાર કરાવી શકાશે.

આ યોજનાથી દેશના ગરીબ પરિવારોને અણધાર્યા સ્વાસ્થ્ય ખર્ચમાંથી મુક્તિ મળશે. અને સ્વાસ્થ્ય સંભાળ માટે થતો ખર્ચ પરિવારની અન્ય જરૂરિયાતો પાછળ વાપરી શકાશે. આથી દેશના ગરીબ પરિવારોના જીવન ધોરણમાં સુધારો થશે.

## આ યોજના શા માટે લોન્ચ કરવામાં આવી છે ?

71મા **નેશનલ સેમ્પલ સર્વે ઓર્ગેનાઈઝેશન (NSSO)**ના સર્વે અનુસાર –

(1) ભારતમાં **85.9% ગ્રામીણ** અને **82% શહેરી પરિવારો** પાસે આરોગ્ય સંભાળ માટે વીમાનું કવચ છે જ નહિ.

(2) અને દેશની કુલ વસતીના આશરે **17 ટકા લોકો** તેમના કુલ બજેટનો આશરે **10 ટકા** જેટલો ખર્ચ આરોગ્ય સંભાળ માટે કરે છે.

(3) **24 ટકા ગ્રામીણ** અને **18 ટકા શહેરી** પરિવારોને સારવાર માટે દેવું કરવું પડે છે.

આથી દેશના જરૂરતમંદ નાગરિકોને સ્વાસ્થ્ય વીમા કવચ ઉપલબ્ધ કરાવવા માટે તથા તેમને ઓચિંતા –અણધાર્યા આકસ્મિક સ્વાસ્થ્ય ખર્ચમાંથી મુક્ત કરવા માટે આ યોજના લોન્ચ કરવામાં આવી છે.

## આ યોજના અંતર્ગત પેકેજ

આ યોજના અંતર્ગત **કેન્સર, હૃદયરોગ** સહિત **1350 બીમારીઓ**ની સારવાર મળશે.

- આ સારવાર 23 મેડિકલ સ્પેશિયાલિટીઝ દ્વારા ઉપલબ્ધ થશે.
- આ ઉપરાંત જનરલ સર્જરી માટે 253 પેકેજ અને યુરોલોજી હેઠળ 161 પેકેજો ઉપલબ્ધ થશે.
- આ પેકેજમાં હોસ્પિટલનો તમામ ખર્ચ તથા બે અઠવાડિયા દવા ઉપરાંત હોસ્પિટલમાંથી રજા આપ્યા બાદ બે અઠવાડિયા સુધીની સારવારનો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## કેન્દ્ર-રાજ્ય ખર્ચનો હિસ્સો

આ યોજના હેઠળ **કેન્દ્ર-રાજ્ય** વચ્ચે ખર્ચનો હિસ્સો **60 : 40** છે.

- આ યોજના હેઠળ **60 ટકા** ખર્ચ **કેન્દ્ર સરકાર** અને **40 ટકા** ખર્ચ **રાજ્ય સરકાર** ભોગવશે.

## આ યોજના વિશે અન્ય મહત્ત્વની માહિતી

- આ યોજનાનો હેલ્પલાઈન નંબર **14555** છે.
- આ યોજનાના **CEO (Chief Excecutive Officer)** તરીકે **શ્રી ઈન્દુ ભૂષણ**ની નિમણૂક કરવામાં આવી છે.
- આ યોજના 4 સપ્ટેમ્બર, 2018ના રોજ પાયલટ પ્રોજેક્ટ તરીકે **ઉત્તરપ્રદેશ**માં શરૂ કરવામાં આવી હતી.
- **યુરોપિય યુનિયન**ના 27-28 દેશોની કુલ વસતી અથવા **અમેરિકા, કેનેડા** અને **મેક્સિકો** એમ **ત્રણ દેશો**ની કુલ વસતી કરતા પણ આ યોજનાના લાભાર્થીઓની સંખ્યા વધારે છે.
- આ યોજના અંતર્ગત અગાઉની **'રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના' (RSBY)**નો સમાવેશ કરવામાં આવ્યો છે.

- આ યોજના અંતર્ગત દેશમાં **1.5 લાખ વેલનેસ સેન્ટર**, **82 નવી સરકારી મેડિકલ કોલેજ** અને **14 નવી એમ્સનું** નિર્માણ કરવામાં આવશે.
- આ યોજના અંતર્ગત દેશની **13 હજાર** સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં સારવાર મળશે.
- આ યોજનાને કારણે ચાલુ નાણાકીય વર્ષમાં સરકાર પર આશરે **રૂા. 3500 કરોડ**નો બોજો પડશે.
- આ યોજના અંતર્ગત તમામ હોસ્પિટલોમાં **'પ્રધાનમંત્રી આયુષ્માન મિત્ર'** ઉપલબ્ધ હશે. જે લાભાર્થીને સારવાર સમયે માર્ગદર્શન આપશે.

## આયુષ્માન ભારત યોજનાનો ગુજરાતમાં રાજ્યકક્ષાએ પ્રારંભ

23 સપ્ટેમ્બર, 2018ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી** અને નાયબ મુખ્યમંત્રી **શ્રી નીતિનભાઈ પટેલે** ગુજરાતમાં **અમદાવાદ**ની **સિવિલ હોસ્પિટલ** ખાતેથી 'આયુષ્માન ભારત યોજના'નો શુભારંભ કરાવ્યો હતો.

- ગુજરાતના **44 લાખ**થી વધુ પરિવારના આશરે **2.25 કરોડ** નાગરિકોને આ યોજના અંતર્ગત 100 ટકા સરકારી ખર્ચે સારવાર ઉપલબ્ધ થશે.
- ગુજરાતની **1700થી વધુ** સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં આ સારવાર ઉપલબ્ધ થશે.
- આ યોજના અંતર્ગત **રૂા. 50 હજાર** સુધીની સારવારનો ખર્ચ **વીમા કંપની**ઓ દ્વારા હોસ્પિટલોને ચૂકવવામાં આવશે. એ માટે રાજ્ય સરકાર દ્વારા વીમા કંપનીને રૂા. 161 કરોડ ચૂકવાશે.
- જ્યારે રૂપિયા 50 હજારથી વધુ સારવારનો ખર્ચ **મા વાત્સલ્ય યોજના** મુજબ હોસ્પિટલના બીલની ચકાસણી કરીને ચૂકવાશે.
- આ સેવાઓ માટે કોઈપણ નાગરિકે એક પણ રૂપિયો રોકડ સ્વરૂપે કોઈપણ હોસ્પિટલમાં ચૂકવવાનો રહેશે નહિ.

## સ્ટેટ હેલ્થ એજન્સી

ગુજરાતમાં આ યોજનાનું અમલીકરણ **'ગુજરાત હેલ્થ પ્રોટેકશન સોસાયટી'** દ્વારા કરવામાં આવશે.

- ગુજરાતમાં આ યોજનાના મોનિટરિંગ માટે 'ગુજરાત હેલ્થ પ્રોટેકશન સોસાયટી' અંતર્ગત એક સ્ટેટ હેલ્થ એજન્સીની રચના કરવામાં આવશે.

## ➤ ગોવાના ડાબોલિમ એરપોર્ટમાં ભારતના પ્રથમ GI સ્ટોરનો પ્રારંભ

તાજેતરમાં કેન્દ્ર સરકારના **નાગરિક ઉડ્ડયન** મંત્રાલય દ્વારા **ગોવા**ના **ડાબોલિમ એરપોર્ટ**માં ભારતનો **પ્રથમ GI સ્ટોર** શરૂ કરવામાં આવ્યો છે.




- આ સ્ટોરની સ્થાપનાનો મુખ્ય ઉદ્દેશ ભારતના વિશિષ્ટ સ્થાનિક ઉત્પાદનોને પ્રોત્સાહન આપવાનો છે.
- આ સ્ટોરમાં જેને GI tag પ્રાપ્ત થયો હોય તેવી પ્રોડકટને વેચાણ માટે મૂકવામાં આવશે.

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

## GI tag શું છે ?

GI tagનું પૂરું નામ **'Geographical Indication tag' (ભૌગોલિક સંકેત ઓળખ)** છે.

- GI tag એ ચોક્કસ ઉત્પાદનો પર વપરાતું નામ અથાવ તો ચિહ્ન છે.
- GI ટેગ મુખ્યત્ત્વે ત્રણ પ્રકારની પ્રોડક્ટને મળે છે :
  - (1) એવી પ્રોડક્ટ કે જે કોઈ વિશિષ્ટ ક્ષેત્રનું પ્રતિનિધિત્વ કરતી હોય.
  - (2) એવી પ્રોડક્ટ કે જે કોઈ વિશિષ્ટ ક્ષેત્રમાં જ મળતી હોય અને
  - (3) એવા ક્ષેત્રની પ્રોડક્ટ કે જે એનું મૂળ ઉદ્‌ભવ સ્થાન હોય.

## GI ટેગ શા માટે આપવામાં આવે છે ?

ભારતમાં કૃષિ, પ્રાકૃતિક તથા અન્ય ઉત્પાદિત પ્રોડક્ટને તેની વિશિષ્ટ ગુણવત્તા તથા ઓળખ માટે GI ટેગ આપવામાં આવે છે.

- GI ટેગ માટેનું રજીસ્ટ્રેશન 10 વર્ષ માટે થાય છે.
- 10 વર્ષ બાદ તે રીન્યુ કરાવવું પડે છે.



## ભારતમાં કયા એક્ટ અંતર્ગત GI ટેગ અપાય છે ?

- ભારતમાં <u>વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (WTO)</u>ના <u>Geographical Indication of Goods (Registration and Protection) Act, 1999</u> અંતર્ગત <u>15 સપ્ટેમ્બર, 2003</u>થી GI ટેગના રજીસ્ટ્રેશનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

## GI ટેગ ધરાવતી ભારત તથા ગુજરાતની પ્રોડક્ટ

ભારતમાં વર્ષ <u>2004-05</u>માં સૌપ્રથમ <u>દાર્જિલિંગ ચા</u>ને GI ટેગ આપવામાં આવ્યો હતો.

- ત્યારબાદ વર્ષ 2018 સુધીમાં ભારતમાં આશરે 325 જેટલી પ્રોડક્ટને GI ટેગ અથવા તો GI લોગો આપવામાં આવ્યો છે.
- ગુજરાતમાં સૌપ્રથમ ગુજરાતના <u>સંખેડાના ફર્નિચર</u>ને GI ટેગ તથા GI લોગો મળ્યો હતો.
- સંખેડાના ફર્નિચર બાદ ગુજરાતમાંથી <u>ખંભાતના અકીક (Agates of Cambay)</u>, <u>કચ્છી ભરત</u>, <u>કચ્છી શાલ</u>, <u>ટાંગલિયા શાલ</u>, <u>સુરતનું ઝરી કામ</u>, <u>ગીરની કેસર કેરી</u>, <u>ભાલિયા ઘઉં</u>, <u>જામનગરની બાંધણી</u> અને છેલ્લે <u>પાટણના પટોડા</u>ને GI ટેગ આપવામાં આવ્યો છે.

## ICE Questions

1. તાજેતરમાં ગુજરાતમાં કઈ જગ્યાએ ઉત્તરાર્ધ મહોત્સવ 2019નું આયોજન કરવામાં આવ્યું હતું ?
(A) ગાંધીનગર (B) વડનગર (C) મોઢેરા (D) સ્ટેચ્યુ ઓફ યુનિટી **(C)**

2. સૂર્યમંદિર માટે પ્રસિદ્ધ મોઢેરા ગુજરાતમાં મહેસાણા જિલ્લાના કયા તાલુકામાં આવેલું છે ?
(A) ઉંઝા (B) ખેરાલુ (C) વીજાપુર (D) બહુચરાજી **(D)**

3. આયુષ્માન ભારત–પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના અમલીકરણ માટે કેન્દ્ર સરકારના પ્રસ્તાવિત ત્રણ મોડલમાં નીચેનામાંથી કયા મોડલનો સમાવેશ થતો નથી ?
(A) વીમા મોડલ (B) સેન્ટ્રલ વીમા મોડલ (C) ટ્રસ્ટ બેઝ્ડ મોડલ (D) હાઈબ્રીડ મોડલ **(B)**

4. 23 સપ્ટેમ્બર, 2018ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ‘આયુષ્માન ભારત યોજના’નો શુભારંભ કયાંથી કરાવ્યો છે ?
(A) રાયપુર, છત્તીસગઢ (B) રાંચી, ઝારખંડ
(C) વારાણસી, ઉત્તરપ્રદેશ (D) ભોપાલ, મધ્યપ્રદેશ **(B)**

5. ‘આયુષ્યમાન ભારત યોજના’ બીજા કયા નામે ઓળખાય છે ?
(A) પ્રધાન મંત્રી આયુષ્માન યોજના (PPMAY)
(B) પ્રધાનમંત્રી આયુષ્માન ભારત યોજના (PMABY)
(C) આયુષ્માન ભારત–પ્રધાનમંત્રી જન સુવિધા યોજના (AB-PMJSY)
(D) આયુષ્માન ભારત–પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજના (AB-PMJAY) **(D)**

6. ‘આયુષ્યમાન ભારત યોજના બીજા કયા નામે ઓળખાય છે ?
(A) મોદી ક્યોર (B) નમોક્યોર (C) મોદીકેર (D) નમોકેર **(C)**

IICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

7. 'આયુષ્માન ભારત યોજના' અંતર્ગત ભારતની કુલ વસતીના કેટલા ટકા વસતીને સ્વાસ્થ્ય વીમો ઉપલબ્ધ કરાવવાનું ભારત સરકારનું લક્ષ્ય છે ?
(A) 40 ટકા (B) 50 ટકા (C) 45 ટકા (D) 55 ટકા **(A)**

8. 'આયુષ્માન ભારત યોજના'નો લાભ ભારતના કેટલા પરિવારોને મળશે ?
(A) 40 કરોડ (B) 30 કરોડ (C) 20 કરોડ (D) 10 કરોડ **(D)**

9. 'આયુષ્માન ભારત યોજના'નો લાભ ભારતના કેટલા લોકોને મળશે ?
(A) 40 કરોડ (B) 50 કરોડ (C) 45 કરોડ (D) 60 કરોડ **(B)**

10. 'આયુષ્માન ભારત યોજના' અંતર્ગત ભારતના 10 કરોડ કુટુંબોને કુટુંબદીઠ વાર્ષિક કેટલા રૂપિયા સુધીનો સ્વાસ્થ્ય વીમો ઉપલબ્ધ થશે ?
(A) 5 લાખ (B) 50,000 (C) 3 લાખ (D) 4 લાખ **(A)**

11. 'આયુષ્માન ભારત યોજના'નો લાભ લેવા માટે શું જરૂરી છે ?
(A) કુટુંબની વાર્ષિક આવક 5 લાખથી ઓછી હોવી જોઈએ.
(B) કુટુંબની વાર્ષિક આવક 4 લાખથી ઓછી હોવી જોઈએ.
(C) કુટુંબની વાર્ષિક આવક 3 લાખથી ઓછી હોવી જોઈએ.
(D) કુટુંબના સભ્યોનું નામ સામાજિક આર્થિક અને જાતિ આધારિત સર્વેક્ષણ 2011ની યાદીમાં હોવું જોઈએ. **(D)**

12. આયુષ્માન ભારત યોજના અંતર્ગત થતા ખર્ચમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારનો હિસ્સો ક્રમશઃ કેટલા ટકા રહેશે ?
(A) 40 : 60 (B) 60 : 40 (C) 50 : 50 (D) 70 : 30 **(B)**

13. આયુષ્માન ભારત યોજનાનો હેલ્પલાઈન નંબર શું છે ?
(A) 12555 (B) 13555 (C) 14555 (D) 12525 **(C)**

14. આયુષ્માન ભારત યોજનાના ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર (CEO) તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી પ્રશાંત ભૂષણ (B) શ્રીમતી રેખા શર્મા (C) શ્રી ઈન્દુ મલ્હોત્રા (D) શ્રી ઈન્દુ ભૂષણ **(D)**

15. આયુષ્માન ભારત યોજના અંતર્ગત અગાઉની કઈ યોજનાનો સમાવેશ કરવામાં આવ્યો છે ?
(A) રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના (RSBY)
(B) શ્રી રાજીવ ગાંધી સ્વાસ્થ્ય વીમા યોજના (RGSBY)
(C) શ્રીમતી ઈન્દીરા ગાંધી સ્વાસ્થ્ય વીમા યોજના (IGSBY)
(D) પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય વીમા યોજના (PMSBY) **(A)**

16. આયુષ્માન ભારત યોજના અંતર્ગત ભારતમાં કેટલા વેલનેસ સેન્ટર સ્થાપવાનું કેન્દ્ર સરકારનું લક્ષ્ય છે ?
(A) 1 લાખ (B) 1.5 લાખ (C) 2 લાખ (D) 2.5 લાખ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

17. 23 સપ્ટેમ્બર, 2018ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ 'આયુષ્માન ભારત યોજના'નો શુભારંભ કયાંથી કરાવ્યો છે ?
(A) મહાત્મા મંદિર, ગાંધીનગર
(B) વી. એસ. હોસ્પિટલ, અમદાવાદ
(C) સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર
(D) સિવિલ હોસ્પિટલ, અમદાવાદ
**(D)**

18. તાજેતરમાં ભારતના કયા રાજ્યમાં દેશનો પ્રથમ GI સ્ટોર શરૂ કરવામાં આવ્યો છે ?
(A) સિક્કિમ (B) ગોવા (C) મહારાષ્ટ્ર (D) ઉત્તરપ્રદેશ
**(B)**

19. તાજેતરમાં ભારતના કયા એરપોર્ટ પર દેશનો પ્રથમ GI સ્ટોર શરૂ કરવામાં આવ્યો છે ?
(A) ડાબોલિમ (B) દાર્જિલિંગ (C) ડબ્લિંગ (D) ડર્બેઈન
**(A)**

રાષ્ટ્રીયકૃત બેંકોમાં આવનારી વિશાળ ભરતી...
IBPS RRB/SBI CLERK / PO
735+ PASS
1,00,000+
UPCOMING VACANCY IN 2019
ફ્રી ટ્રાયલ લેક્ચર
15-02-2019 Morning
અમને વિશ્વાસ છે, આપ પણ બેંક ઓફિસર બની શકો છો...

**4 FEBRUARY, 2019 MONDAY**

## ➤ દિવસ મહિમા : 4 ફેબ્રુઆરી, વિશ્વ કેન્સર દિવસ (World Cancer Day)




સમગ્ર વિશ્વમાં કેન્સર વિશે જાગૃતિ વધારવા તથા તેના નિવારણ, નિદાન અને સારવારને પ્રોત્સાહન આપવા માટે દર વર્ષે **4 ફેબ્રુઆરી**ના રોજ **'વિશ્વ કેન્સર દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.

- **યુનિયન ફોર ઈન્ટરનેશનલ કેન્સર કંટ્રોલ (UICC)** દ્વારા વર્ષ **2008**થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

### વર્ષ 2019થી 2021 સુધીની થીમ

વર્ષ **2019થી 2021** સુધીની 'વિશ્વ કેન્સર દિવસ'ની થીમ **'I Am and I will'** (**હું છું અને હું કરીશ**) છે.

- આ અગાઉ વર્ષ **2016થી 2018** સુધીની 'વર્લ્ડ કેન્સર ડે'ની થીમ **'We can. I Can.' (આપણે કરી શકીએ છીએ. હું કરી શકું છું.)** હતી.

## ➤ ઈન્ટરમીડિએટ રેન્જ ન્યુક્લિયર ફોર્સિઝ ટ્રીટી (INF)માંથી અમેરિકા બહાર

ઈ.સ. **1987**માં **અમેરિકા**ના તત્કાલિન રાષ્ટ્રપતિ **શ્રી રોનાલ્ડ રેગન** અને **સોવિયેત સંઘ (રશિયા)**ના તત્કાલિન રાષ્ટ્રપતિ **શ્રી મિખાઈલ ગોર્બાચોવ** વચ્ચે વિશ્વમાંથી પરમાણુ હથિયારોની હોડ ખતમ કરવા માટે એક સંધિ થઈ હતી.

- આ સંધિ **'ઈન્ટરમીડિએટ રેન્જ ન્યુક્લિયર ફોર્સિઝ ટ્રીટી (INF)'** તરીકે ઓળખાય છે.
- આ સંધિ અંતર્ગત બંને દેશો એ વાતે સહમત થયા હતા કે, તેઓ **500થી 5500 કિલોમીટર**ની રેન્જની **પરમાણુ હથિયારો**નું વહન કરી શકે તેવી જમીન પરથી લોન્ચ થતી **ક્રૂઝ અને બેલાસ્ટિક મિસાઈલ**નું ઉત્પાદન, તૈનાતી અને પરીક્ષણ નહિ કરે.

### આ સંધિ હાલ શા માટે ચર્ચામાં છે ?

તાજેતરમાં **અમેરિકા**ના રાષ્ટ્રપતિ **શ્રી ડોનાલ્ડ ટ્રમ્પે** આ સંધિ તોડવાનો નિર્ણય કર્યો છે.

- અમેરિકાનો આરોપ છે કે રશિયા ઉપરોક્ત સંધિનો ભંગ કરીને નવી મિસાઈલ સિસ્ટમ વિકસાવી રહયું છે.
- અમેરિકાના આ નિર્ણય બાદ રશિયાએ પણ આ સંધિ સ્થગિત કરવાની જાહેરાત કરી છે.

### અમેરિકા અને રશિયાના આ નિર્ણયની અસર

અમેરિકા અને રશિયાના ઉપરોક્ત નિર્ણયથી આગામી સમયમાં બંને દેશો વચ્ચે નવેસરથી શસ્ત્રોની દોડ જામે તેવી શકયતા છે.

- અને જો એવું થાય તો વિશ્વ ફરીથી શીત યુદ્ધના જમાનાના અનિર્ણિત અને માથે કાયમ અણુયુદ્ધ તોળાતું રહેવાનો ભય રહે એવા સમયમાં પહોંચી જશે.
- જોકે, કેટલાક નિષ્ણાંતોના મતે અર્થકારણથી ખેલાતા વિશ્વના વર્તમાન સંગ્રામમાં આ પ્રકારનો ખતરો સર્જાવાની શકયતા બહુ ઓછી છે.
- આમ છતાં, વર્તમાન યુદ્ધ શસ્ત્રથી નહિ અર્થશાસ્ત્રથી ખેલાય છે. આથી કોઈ રાષ્ટ્ર શસ્ત્રોના વેચાણ થકી પોતાનું અર્થતંત્ર મજબૂત કરવા માટે વિશ્વમાં શસ્ત્રોની દોડ શરૂ કરીને અરાજકતાનો માહોલ ઉભો કરે તો તે વાત જુદી છે.


ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

## ➤ ભારતીય નૌસેનાના નવા નાયબ વડા તરીકે શ્રી જી.અશોક કુમારની નિમણૂક



તાજેતરમાં ભારતીય **નૌસેના**ના **નાયબ વડા (ઉપ-પ્રમુખ)** તરીકે **વાઈસ એડમિરલ જી. અશોક કુમાર** પોતાનો કાર્યભાર સંભાળી લીધો છે.

- શ્રી જી. અશોક કુમાર **1 જુલાઈ, 1982**થી નૌસેનામાં જોડાયા હતા.
- ત્યારબાદ INS બીયાસ, નિલગિરી, રણવીર તથા વિક્રાંતમાં નેવિગેટિંગ ઓફિસર તરીકે પણ તેમણે ફરજ બજાવી છે.



## ➤ NCCના નવા DG (મહાનિર્દેશક) તરીકે શ્રી રાજીવ ચોપડાની નિમણૂક

તાજેતરમાં NCCના નવા Director General-DG (મહાનિર્દેશક) તરીકે **શ્રી રાજીવ ચોપડા**ની નિમણૂક કરવામાં આવી છે.

- શ્રી રાજીવ ચોપડાને વર્ષ 2018માં **અતિ વિશિષ્ટ સેવા મેડલ**થી સન્માનિત કરવામાં આવ્યા હતા.



### NCC

NCCનું પૂરું નામ National Cadet Corps છે.

- National Cadet Corps Act of 1948 અંતર્ગત તેની સ્થાપના થઈ હતી.
- તે ભારતમાં 16 **એપ્રિલ**, 1948થી કાર્યરત છે.
- તેનું વડું મથક **નવી દિલ્હી** ખાતે આવેલું છે.
- NCCનો મોટો 'Unity and Discipline' (**'એકતા અને અનુશાસન'**) છે.

### ICE ? Questions

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'વિશ્વ કેન્સર દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 2 ફેબ્રુઆરી (B) 3 ફેબ્રુઆરી (C) 4 ફેબ્રુઆરી (D) 5 ફેબ્રુઆરી — **(C)**

2. વર્ષ 2019થી 2021 સુધીની 'વિશ્વ કેન્સર દિવસ'ની થીમ શું છે ?
   (A) I can. we can. (B) we can. I can. (C) I will and I am (D) I am and I will — **(D)**

3. તાજેતરમાં અમેરિકા અને રશિયાએ 1987માં થયેલી કઈ સંધિ સ્થગિત કરવાની જાહેરાત કરી છે ?
   (A) Intermediate - Range Nuclear Forces Treaty
   (B) Nuclear Forces Treaty
   (C) Intermediate Forces Treaty
   (D) Anti Intermediate Forces Treaty — **(A)**

4. ભારતીય નૌસેનાના નવા નાયબ વડા તરીકે તાજેતરમાં કોણે કાર્યભાર સંભાળ્યો છે ?
   (A) શ્રી રાજીવ ચોપડા (B) શ્રી જી. અશોક કુમાર
   (C) શ્રી જી. રાજીવ કુમાર (D) શ્રી અશોક ચોપડા — **(B)**

5. NCCના નવા DG (મહાનિર્દેશક) તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?
   (A) શ્રી રાજીવ ચોપડા (B) શ્રી રાજીવ કુમાર (C) શ્રી રાજીવ ગુપ્તા (D) શ્રી જી. રાજીવ કુમાર — **(A)**

6. NCCનું પૂરું નામ શું છે ?
   (A) National Cadet Core (B) National Cadet Corpus
   (C) National Cadet Corps (D) National Cadet Corse — **(C)**

## 5 FEBRUARY, 2019 TUESDAY

### ➤ દિવસ મહિમા : 5 ફેબ્રુઆરી, Safer Internet Day (સલામત ઈન્ટરનેટ દિવસ)

સમગ્ર વિશ્વમાં ઈન્ટરનેટ તેમજ ટેક્નોલોજીનો સલામત, જવાબદારીપૂર્વક અને રચનાત્મક ઉપયોગ થાય એ માટે જાગૃતિ કેળવવા દર વર્ષે **5 ફેબ્રુઆરી**ના રોજ **'Safer Internet Day'**ની ઉજવણી કરવામાં આવે છે.

- વર્ષ **2019**ના 'સલામત ઈન્ટરનેટ દિવસ'ની થીમ **'Together for a better internet'** છે.

### ➤ ભારતમાં રૂ. 40,000 કરોડના ખર્ચે 6 સબમરીનના નિર્માણની સંરક્ષણ મંત્રાલયની મંજૂરી

તાજેતરમાં ભારતના સંરક્ષણ મંત્રી **સુશ્રી નિર્મલા સીતારામન**ની અધ્યક્ષતામાં મળેલી **DAC (Defense Acquisition Council)**ની બેઠકમાં **રૂ. 40,000 કરોડ**ના ખર્ચે **6 સબમરીન**ના નિર્માણની સંરક્ષણ મંત્રાલય દ્વારા મંજૂરી આપવામાં આવી છે.

- આ સબમરીનના નિર્માણની મુખ્ય વિશેષતા એ છે કે **'મેક ઈન ઈન્ડિયા'** પ્રોજેક્ટ અંતર્ગતના **'સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ મોડલ'** હેઠળ આ સબમરીનનું નિર્માણ ભારતમાં જ થશે.
- **'સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ મોડલ'** અંતર્ગતના આ બીજા પ્રોજેક્ટમાં આ સબમરીનનું નિર્માણ વિદેશી સંરક્ષણ ઉત્પાદકો સાથે મળીને ભારતની ખાનગી કંપની દ્વારા **ભારત**માં જ થશે.

#### પ્રોજેક્ટ 75

આ 6 સબમરીનના નિર્માણને **'પ્રોજેક્ટ 75'** નામ આપવામાં આવ્યું છે.

- આ પ્રોજેક્ટ અંતર્ગત નિર્માણ પામનારી સબમરીનમાં **Air Independent Propulsion (AIP) સિસ્ટમ** હશે. જેનાથી સબમરીન 14 દિવસ સુધી પાણીમાં રહી શકશે.
- આ પ્રોજેક્ટ પૂરો થવામાં આશરે **દસેક વર્ષ**નો સમય લાગશે.
- આ પ્રોજેક્ટ અંતર્ગત ભારતીય સંરક્ષણ નિર્માતા કંપની વિદેશની મૂળ સબમરીન નિર્માતા કંપની સાથે કામ કરશે.

#### Milan 2T Anti-Tank Guided Missile

6 સબમરીન ઉપરાંત સંરક્ષણ મંત્રાલય દ્વારા **5000 એન્ટી ટેન્ક ગાઈડેડ મિસાઈલ (ATGM) મિલાન 2T**ની ખરીદીની પણ મંજૂરી આપવામાં આવી છે.

- 1999ના કારગીલ યુદ્ધમાં પાકિસ્તાની સૈનિકોના બંકરો નષ્ટ કરવા માટે ભારતે આ મિસાઈલનો પ્રયોગ કર્યો હતો.

**નોંધ :** (1) 'Strategic Partnership Model' હેઠળ ભારત સરકારે સૌપ્રથમ **ઓગસ્ટ 2018**માં **રૂ. 21,000 કરોડ**ના ખર્ચે **111 Multipurpose helicopter**ના નિર્માણની મંજૂરી આપી હતી.

(2) ભારતમાં ભારતીય લશ્કરને સૈન્ય ઉપકરણો ઝડપથી મળી રહે તે માટે વર્ષ **2001**માં **DAC (Defense Acquisition Council)**ની રચના કરવામાં આવી હતી.

(3) ભારતના **સંરક્ષણ મંત્રી DAC**નું નેતૃત્વ કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ વાઘ સંરક્ષણ અંગે ત્રીજી આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ



તાજેતરમાં ભારતમાં **નવી દિલ્હી** ખાતે **વાઘ સંરક્ષણ અંગે ત્રીજી આંતરરાષ્ટ્રીય સમીક્ષા કોન્ફરન્સનું** આયોજન થયું હતું.

- આ કોન્ફરન્સનું ઉદ્‌ઘાટન કેન્દ્ર સરકારના પર્યાવરણ, વન અને હવામાન સંરક્ષણ મંત્રી **ડૉ. હર્ષવર્ધને** કર્યું હતું.
- આ સંમેલનમાં ટાઈગર રેન્જના 13 દેશો દ્વારા Global Tiger Recovery Program (GTRP)ની સ્થિતિ અંગે તેમજ વન્ય જીવ તસ્કરીના ઉપાયો વિશે ચર્ચા કરવામાં આવી હતી.

### ICE ? Questions

1. સમગ્ર વિશ્વમાં 'સલામત ઈન્ટરનેટ દિવસ' અથવા તો 'Safer Internet Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 4 ફેબ્રુઆરી (B) 5 ફેબ્રુઆરી (C) 6 ફેબ્રુઆરી (D) 7 ફેબ્રુઆરી — **(B)**

2. તાજેતરમાં મળેલી DACની બેઠકમાં ભારતના સંરક્ષણ મંત્રાલય દ્વારા રૂ. 40,000 કરોડના ખર્ચે કેટલી સબમરીનના નિર્માણની મંજૂરી આપવામાં આવી છે ?
   (A) 4 (B) 6 (C) 8 (D) 12 — **(B)**

3. તાજેતરમાં ભારતીય સંરક્ષણ મંત્રાલય દ્વારા કયા મોડલ અંતર્ગત રૂ. 40,000 કરોડના ખર્ચે 6 સબમરીનના નિર્માણની મંજૂરી આપવામાં આવી છે ?
   (A) સ્ટ્રેટેજિક પાર્ટનશિપ મોડલ (B) ઈન્ડિયન પાર્ટનરશિપ મોડલ
   (C) સ્ટ્રેટેજિક પ્રોડક્શન મોડલ (D) પ્રોડક્શન ઈન ઈન્ડિયા મોડલ — **(A)**

4. તાજેતરમાં ભારતના સંરક્ષણ મંત્રાલય દ્વારા કેટલી એન્ટી ટેન્ક ગાઈડેડ મિસાઈલ મિલાન 2Tની ખરીદીની મંજૂરી આપવામાં આવી છે ?
   (A) 2000 (B) 3000 (C) 5000 (D) 7000 — **(C)**

5. તાજેતરમાં વાઘ સંરક્ષણ અંગેની ત્રીજી આંતરરાષ્ટ્રીય સમીક્ષા કોન્ફરન્સનું આયોજન કયાં થયું હતું ?
   (A) નૈરોબી (B) કોલંબો (C) કાઠમંડુ (D) નવી દિલ્હી — **(D)**

6. તાજેતરમાં નવી દિલ્હી ખાતે યોજાયેલી વાઘ સંરક્ષણ અંગેની ત્રીજી આંતરરાષ્ટ્રીય સમીક્ષા કોન્ફરન્સનું ઉદ્‌ઘાટન કોણે કર્યું હતું ?
   (A) શ્રી રામનાથ કોવિંદ (B) શ્રી નરેન્દ્રભાઈ મોદી (C) શ્રી વેંકૈયા નાયડુ (D) ડૉ. હર્ષવર્ધન — **(D)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**6 FEBRUARY, 2019 WEDNESDAY**

## ➤ ફિલ્મોમાં પાયરસી રોકવા માટે સિનેમેટોગ્રાફ એક્ટ, 1952માં સુધારાને કેબિનેટની મંજૂરી




તાજેતરમાં ભારત સરકારના **સૂચના અને પ્રસારણ મંત્રાલય** દ્વારા **સિનેમેટોગ્રાફ એક્ટ, 1952**માં સંશોધન માટે **'સિનેમેટોગ્રાફ સંશોધન વિધેયક, 2019'** રજૂ કરવા માટે કેન્દ્ર સરકાર સમક્ષ એક પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો.

- વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**ની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં આ પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી છે.
- આ અંતર્ગત **'સિનેમેટોગ્રાફ એક્ટ, 1952'**માં સંશોધન માટે સંસદમાં **'સિનેમેટોગ્રાફ સંશોધન વિધેયક, 2019'** રજૂ કરવામાં આવશે.
- આ વિધેયકનો મુખ્ય ઉદ્દેશ **ભારતમાં ફિલ્મ પાયરસી રોકવાનો** છે.
- આ માટે આ વિધેયકમાં ગેરકાયદેસર કેમકોર્ડિંગ અને ફિલ્મોની કોપી કરવા બદલ સજાની જોગવાઈ કરવામાં આવી છે.

### સિનેમેટોગ્રાફ સંશોધન વિધેયક 2019ની મહત્ત્વની જોગવાઈ

સિનેમેટોગ્રાફ સંશોધન વિધેયક 2019ની મહત્ત્વની જોગવાઈ આ પ્રમાણે છે :

- ગેર કાયદેસર રેકોર્ડિંગ રોકવા માટે **સિનેમેટોગ્રાફ એક્ટ, 1952ની કલમ 6A** પછી **નવી કલમ 6AA** ઉમેરવામાં આવશે.
- **નવી કલમ 6AA**માં એવી જોગવાઈ કરવામાં આવી છે કે, અન્ય કોઈ કાયદો લાગુ હોવા છતાં કોઈ વ્યક્તિને **લેખકની લેખિત પરવાનગી વગર** કોઈ ઓડિઓ વિઝ્યુઅલ રેકોર્ડ ઉપકરણનો ઉપયોગ કરીને કોઈ ફિલ્મ અથવા તેના ભાગને પ્રસારિત કરવાની અથવા પ્રસારિત કરવા માટે પ્રયાસ કરવાની, તેમજ પ્રસારિત કરવામાં મદદ કરવાની **પરવાનગી મળશે નહિ**.
- અને જો કોઈ વ્યક્તિ **કલમ 6AA**ની જોગવાઈનો ભંગ કરશે તો તેને **3 વર્ષની જેલ અથવા રૂ. 10 લાખનો દંડ અથવા બંને સજા થશે**.
- આ દંડની નવી જોગવાઈ માટે સિનેમેટોગ્રાફ એક્ટ, 1952ની **કલમ 7ની પેટા કલમ-1** બાદ **પેટા કલમ 1A** ઉમેરવામાં આવી છે.

### સિનેમેટોગ્રાફ એક્ટમાં શા માટે સુધારો કરવામાં આવ્યો છે ?

ભારતમાં હાલ કોઈ નવી ફિલ્મ રીલિઝ થાય તો ફિલ્મ રીલિઝ થયાની ગણતરીની કલાકોમાં જ સૌપ્રથમ ફિલ્મની થિયેટર પ્રિન્ટ અને ત્યારબાદ હાઈ ક્વોલિટીની પાઈરેટેડ પ્રિન્ટ વેબસાઈટમાંથી ડાઉનલોડ થઈ શકે છે.

- આથી, ભારતમાં આશરે 70 ટકા લોકો થિયેટરમાં પિક્ચર જોવા ન જતાં મોબાઈલ, કોમ્પ્યુટર કે અન્ય ઈન્સ્ટ્રુમેન્ટ દ્વારા ઘેર બેઠા જ પિક્ચર જોઈ લે છે.
- પરિણામે, ભારતમાં ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝને દર વર્ષે કરોડો રૂપિયાનું નુકશાન થાય છે.
- અને સરકારની ટેક્સની આવક પણ ઘટે છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આથી, ભારતમાં નવી રીલિઝ થતી ફિલ્મોની પાયરસી અટકાવવા માટે તેમજ ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાંથી કોપી રાઈટ ઉલ્લંઘન, કેમ રેકોર્ડિંગ અને કન્ટેન્ટ લીકેજ જેવા દૂષણો રોકવા માટે સરકારે સિનેમેટોગ્રાફ એક્ટમાં ઉપરોક્ત સુધારો કરવાનો નિર્ણય કર્યો છે.

**નોંધ :** સિનેમામાં ફિલ્મોનું ગેરકાયદેસર રેકોર્ડિંગ **કેમકોર્ડિંગ (Camcording)** તરીકે ઓળખાય છે.

## ➤ ભારત સરકારના કોલસા મંત્રાલય અને પોલેન્ડના ઊર્જા મંત્રાલય વચ્ચે કરાર

તાજેતરમાં **ભારત** સરકારના **કોલસા મંત્રાલય** અને **પોલેન્ડ**ના **ઊર્જા મંત્રાલય** વચ્ચે એક સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

- ભારત અને પોલેન્ડ વચ્ચે કોલસા ક્ષેત્રે વ્યાપાર અને રોકાણ વધારવા, સ્વચ્છ કોલસા અંગેની ટેક્નિકમાં સુધારો કરવા તથા કોલસાની શોધ, સંશોધનને પ્રોત્સાહન આપીને કોલસા ક્ષેત્રના વિકાસ માટે આ સમજૂતી કરાર કરવામાં આવ્યા છે.
- આ કરારથી સ્વચ્છ ટેક્નોલોજીના ક્ષેત્રમાં વિશેષ લાભ થશે. તેમજ બંને દેશોને ખાણકામ અને ઊર્જાના વિવિધ ક્ષેત્રોમાં વેપાર અને રોકાણ વધારવાની તક મળશે.

## ➤ નાસાના ટેલિસ્કોપ દ્વારા નવી આકાશગંગાની શોધ

અમેરિકાની પ્રસિદ્ધ અવકાશ સંસ્થા **નાસા**ના ટેલિસ્કોપ **હબલ** દ્વારા તાજેતરમાં એક **નવી આકાશગંગા**ની શોધ કરવામાં આવી છે.

- જોકે, આ આકાશગંગા આપણી આકાશગંગાની તુલનામાં ખૂબ જ નાની છે.
- આ નવી આકાશગંગાને **બેદિન-1 (Bedin-1)** નામ આપવામાં આવ્યું છે.

## ➤ Human Space Flight Centre (HSFC)નો બેંગાલુરુ ખાતે શુભારંભ



તાજેતરમાં **ઈસરો** દ્વારા ભારતમાં **બેંગાલુરુ** ખાતે **Human Space Flight Centre (માનવ અવકાશ ઉડાન કેન્દ્ર)**નો પ્રારંભ કરવામાં આવ્યો છે.

- આ હ્યુમન સ્પેસ ફ્લાઈટ સેન્ટર **'ગગનયાન'** જેવા આગામી સમાનવ અંતરિક્ષ મિશન માટેનું **એક હબ** હશે.

## ICE ? Questions

1. ભારતમાં ફિલ્મ ક્ષેત્રે પાયરસી અટકાવવા માટે કેન્દ્રીય મંત્રી મંડળ દ્વારા તાજેતરમાં કયા એક્ટમાં સંશોધન માટે મંજૂરી આપવામાં આવી છે ?
   (A) સિનેમેટોગ્રાફ એક્ટ, 1950 (B) સિનેમેટોગ્રાફ એક્ટ, 1952
   (C) સિનેમેટોગ્રાફ એક્ટ, 1954 (D) સિનેમેટોગ્રાફ એક્ટ, 1956
   **(B)**
2. ભારત સરકારના સૂચના અને પ્રસારણ મંત્રાલય દ્વારા સિનેમેટોગ્રાફ એક્ટમાં સંશોધન માટે સંસદમાં કયું વિધેયક રજૂ કરવામાં આવશે ?
   (A) સિનેમેટોગ્રાફ સંશોધન વિધેયક, 2019 (B) સિનેમેટોગ્રાફ & કેમકોર્ડિંગ સંશોધન વિધેયક, 2019
   (C) સિનેમેટોગ્રાફ પાયરસી સંશોધન વિધેયક, 2019 (D) ત્રણમાંથી કોઈ નહિ
   **(A)**

ICE Questions

| | | |
|---|---|---|
| 3. | 'સિનેમેટોગ્રાફ સંશોધન વિધેયક, 2019' અનુસાર ભારતમાં ફિલ્મની પાયરસી બદલ કઈ સજાની જોગવાઈ કરવામાં આવી છે ?<br>(A) 3 વર્ષની જેલ અથવા રૂ. 5 લાખ રોકડા અથવા બંને<br>(B) 3 વર્ષની જેલ અથવા રૂ. 10 લાખ રોકડા અથવા બંને<br>(C) 5 વર્ષની જેલ અથવા રૂ. 5 લાખ રોકડા અથવા બંને<br>(D) 5 વર્ષની જેલ અથવા રૂ. 10 લાખ રોકડા અથવા બંને | (B) |
| 4. | તાજેતરમાં ચર્ચામાં રહેલો શબ્દ 'Camcording' શેની સાથે સંકળાયેલો છે ?<br>(A) ATMમાંથી કેમેરાની ચોરી (B) કેમેરાના કોડનંબર<br>(C) ફિલ્મોની પાયરસી (D) કેમેરાથી જાસૂસી | (C) |
| 5. | તાજેતરમાં ભારત સરકારના કોલસા મંત્રાલય દ્વારા કયા દેશના ઊર્જા વિભાગ સાથે એક સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે ?<br>(A) આયર્લેન્ડ (B) થાઈલેન્ડ (C) ઓસ્ટ્રેલિયા (D) પોલેન્ડ | (D) |
| 6. | તાજેતરમાં નાસાના ટેલિસ્કોપ હબલ દ્વારા શોધાયેલી નવી આકાશગંગાને શું નામ આપવામાં આવ્યું છે ?<br>(A) હબલ-1 (B) હબિન-1 (C) બેદિન-1 (D) રદિન-1 | (C) |
| 7. | તાજેતરમાં ઈસરો દ્વારા 'હ્યુમન સ્પેસ ફ્લાઈટ સેન્ટર' (HSFC)નો કઈ જગ્યાએ પ્રારંભ કરવામાં આવ્યો છે ?<br>(A) ચેન્નાઈ (B) હૈદરાબાદ (C) બેંગાલુરુ (D) નવીદિલ્હી | (C) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 7 FEBRUARY, 2019 THURSDAY

### ➢ ભારતનો સંદેશાવ્યવહાર ઉપગ્રહ GSAT-31 સફળતાપૂર્વક લોન્ચ

6 ફેબ્રુઆરી, 2019ના રોજ **ઈસરો** દ્વારા નિર્મિત ભારતનો **સંદેશાવ્યવહાર (Comunication) ઉપગ્રહ GSAT-31** સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યો છે.

- **ફ્રેન્ચ ગુયાના**ના **કોઉરુ** ખાતે આવેલા **લોન્ચ પેડ** પરથી **યુરોપિયન સ્પેસ એજન્સી**ના **એરિયન-5 (Ariane-5)** નામના **રોકેટ** દ્વારા આ ઉપગ્રહ લોન્ચ કરવામાં આવ્યો છે.
- 2,536 કિલોગ્રામ વજન ધરાવતા GSAT-31નો સમયગાળો 15 વર્ષનો છે.
- ભારત દ્વારા વર્ષ **2007**માં લોન્ચ થયેલા ઉપગ્રહ **INSAT-4CR**નો **12 વર્ષ**નો કાર્યકાળ તાજેતરમાં પૂરો થતો હોવાથી તેની જગ્યાએ ભારતે **GSAT-31** લોન્ચ કર્યો છે.
- GSAT-31 ભારતમાં ATM મશીનની કનેક્ટીવિટી તથા DTH સેવાઓ વગેરે માટે ઉપયોગી થશે.
- GSAT-31એ ઈસરોનો **40મો કોમ્યુનિકેશન સેટેલાઈટ** છે.

## ➤ Polar Vortex : કાતીલ ઠંડીનું કારણ




તાજેતરમાં **અમેરિકા** સહિત વિશ્વના અનેક દેશોમાં જાન્યુઆરી **2019** દરમિયાન અને ત્યારબાદ પણ ભારે હિમપ્રપાતને કારણે હાડ થીજવી નાખે તેવી ઠંડી પડી હતી.

- હવામાન વૈજ્ઞાનિકોના મતે આ ઠંડીનું કારણ **Polar Vortex** છે.
- તાજેતરમાં ભારતમાં કાશ્મીર, મસુરી, કેદારનાથ, બદ્રીનાથ, શિમલા વગેરે સ્થળોએ ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહમાં ભારે બરફ વર્ષા થઈ હતી.
- અને સમગ્ર ઉત્તર ભારતથી માંડીને મધ્ય ભારત સુધી ઠંડીનું ભારે મોજું છવાઈ ગયું હતું.
- સંયુક્ત રાષ્ટ્ર સંઘના ક્લાયમેટ સર્વિસિસના વાઈસ ચેરમેન અને વિશ્વના પ્રસિદ્ધ હવામાનશાસ્ત્રી **ડૉ. લક્ષ્મણ સિંહ રાઠોડ**ના મતે હાલ ભારતમાં થઈ રહેલી ભારે બરફ વર્ષા અને હવામાનમાં થઈ રહેલા ચિંતાજનક ફેરફારનું કારણ **પોલાર વોર્ટેક્સ**ની સીધી અસર છે.

### Polar Vortex શું છે ?

**Polar Vortex** એ પૃથ્વીના **ઉત્તર અને દક્ષિણ ધ્રુવો**ની આસપાસ આવેલું **હવાના નીચા દબાણ અને ઠંડા વાયુનું વિશાળ ક્ષેત્ર** છે.

- Polar Vortexનો ગુજરાતીમાં અર્થ થાય છે : **ધ્રુવીય વમળ**. **Polar = ધ્રુવીય** અને **Vortex = વમળ (ઘુમરીદાર હવા)**.
- Polar Vortexમાં **ઉત્તર ગોળાર્ધ**માં હવાનો ફ્લો **ઘડિયાળના કાંટાની વિરુદ્ધ દિશા**માં ફરતો રહે છે. જે ઠંડી હવાને ધ્રુવીય પ્રદેશો સુધી સીમિત રાખવામાં મદદ કરે છે. અને અમેરિકા અને યુરોપના મધ્ય અક્ષાંશીય દેશોને ઉત્તર ધ્રુવની કાતીલ ઠંડીથી બચાવે છે.
- પરંતુ કયારેક શિયાળા દરમિયાન ઉત્તર ધ્રુવ પર Polar Vortex નબળું પડે છે ત્યારે તે ઓછું સ્થિર બનીને વિસ્તૃત થઈ જાય છે.




ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- આથી, અમેરિકા ઉપર ઠંડી આર્કટિક હવાનું કાતીલ મોજું ફરી વળે છે.
- હાલ પણ, જાન્યુઆરી 2019 દરમિયાન Polar Vortex નબળું પડવાને કારણે જ તાજેતરમાં અમેરિકા સહિત વિશ્વના અનેક દેશોમાં કાતીલ ઠંડીનું મોજું છવાઈ ગયું હતું.

**નોંધ :** (1) શિયાળા દરમિયાન **ઉત્તરધ્રુવનું** સરેરાશ તાપમાન આશરે **-40⁰ સેન્ટિગ્રેડ** હોય છે.

(2) જ્યારે શિયાળા દરમિયાન **દક્ષિણ ધ્રુવનું** સરેરાશ તાપમાન આશરે **-60⁰ સેન્ટિગ્રેડ** જેટલું હોય છે.

## ➤ Best Practices In Budget Survey માં આસામ પ્રથમ

**ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલ** દ્વારા તાજેતરમાં **બજેટ** તૈયાર કરવાની સર્વશ્રેષ્ઠ પદ્ધતિ અંગે એક સર્વે કરવામાં આવ્યો હતો.

- આ સર્વે અનુસાર ભારતમાં **આસામ** રાજ્ય **પ્રથમ** ક્રમે છે.
- **આસામ** બાદ **આંધ્રપ્રદેશ બીજા** અને **ઓડિશા ત્રીજા** ક્રમે છે.
- આ સર્વે અનુસાર ભારતના **અંતિમ ત્રણ** રાજ્યોમાં ક્રમશઃ **મેઘાલય**, **મણિપુર** અને **પંજાબ**નો સમાવેશ થાય છે.




## ➤ કેરળ Price Monitoring and Research Unit (PMRU)ની સ્થાપના કરનાર ભારતનું પ્રથમ રાજ્ય



તાજેતરમાં ભારતના **કેરળ**માં **'પ્રાઈઝ મોનિટરિંગ એન્ડ રિસર્ચ યુનિટ' (PMRU)**ની સ્થાપના કરવામાં આવી છે.

- કેરળમાં **આવશ્યક દવાઓ અને તબીબી ઉપકરણો**ના કેન્દ્ર સરકારે નક્કી કરેલા **ભાવોનું ઉલ્લંઘન ન થાય તે માટે** આ યુનિટની સ્થાપના કરવામાં આવી છે.
- આ સાથે જ આવશ્યક દવાઓ અને તબીબી ઉપકરણોના ભાવોના મોનિટરિંગ માટે યુનિટની સ્થાપના કરનાર **કેરળ ભારતનું પ્રથમ રાજ્ય** બની ગયું છે.

**નોંધ :** (1) ભારતમાં કેટલીક દવા કંપનીઓ દ્વારા વાજબી કિંમત કરતાં અનેક–અનેક ગણા વધારે ભાવથી–MRPથી દવાઓ અને તબીબી ઉપકરણોનું વેચાણ કરવામાં આવે છે.

(2) આથી, આ સમસ્યાના ઉકેલ માટે કેન્દ્ર સરકાર દ્વારા Drugs Price Control Order (DPCO) અંતર્ગત કેટલીક આવશ્યક દવાઓ તથા તબીબી ઉપકરણોના ભાવ નક્કી કરવામાં આવ્યા છે.

(3) સરકારે નક્કી કરેલા ભાવોનું ઉલ્લંઘન ન થાય તે સુનિશ્ચિત કરવા માટે કેરળ સરકાર દ્વારા PMRUની સ્થાપના કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

1. તાજેતરમાં 6 ફેબ્રુઆરી, 2019ના રોજ ભારતે લોન્ચ કરેલા સંદેશાવ્યવહાર ઉપગ્રહનું નામ શું છે ?

(A) GSAT-30 (B) GSAT-31 (C) GSAT-32 (D) GSAT-33 **(B)**

2. 6 ફેબ્રુઆરી, 2019ના રોજ ભારતે કયા રોકેટની મદદથી GSAT-31 નામનો કોમ્યુનિકેશન ઉપગ્રહ સફળતાપૂર્વક લોન્ચ કર્યો છે ?

(A) PSLV-C 34 (B) PSLV-C 37 (C) PSLV-C 44 (D) Ariane-5 **(D)**

3. વર્ષ 2007માં લોન્ચ કરેલા કયા સંદેશાવ્યવહાર ઉપગ્રહનું સ્થાન લેવા માટે ભારતે તાજેતરમાં GSAT-31 નામનો ઉપગ્રહ લોન્ચ કર્યો છે ?

(A) IRS-1A (B) SROSS-2 (C) INSAT-1B (D) INSAT-4CR **(D)**

4. તાજેતરમાં ભારતે GSAT-31 નામનો સંદેશાવ્યવહાર ઉપગ્રહ ક્યાંથી સફળતાપૂર્વક લોન્ચ કર્યો છે ?

(A) કોઉરુ, ફ્રેન્ચ ગુયાના (B) શ્રી હરિકોટા, આંધ્રપ્રદેશ

(C) ચાંદિપુર, ઓડિશા (D) ઓરેના, ફ્રાન્સ **(A)**

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

5. પોલાર વોર્ટેક્સના સંદર્ભમાં નીચેનામાંથી કયું વિધાન સાચું નથી ?

(A) તે ઉત્તર ધ્રુવની આસપાસ આવેલું હવાનું નીચું દબાણ ધરાવતું એક વિશાળ ક્ષેત્ર છે.

(B) તે દક્ષિણ ધ્રુવની આસપાસ આવેલું હવાનું નીચું દબાણ ધરાવતું એક વિશાળ ક્ષેત્ર છે.

(C) તે ઉત્તર અને દક્ષિણ એમ બંને ધ્રુવોની આસપાસ આવેલું હવાનું ઊંચું દબાણ ધરાવતું એક વિશાળ ક્ષેત્ર છે.

(D) તે જ્યારે મજબૂત હોય છે ત્યારે ઉત્તર ગોળાર્ધમાં ઠંડા ધ્રુવીય પવનોને ધ્રુવોની આસપાસ સીમિત રાખે છે. **(C)**

6. ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલ દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા બજેટ તૈયાર કરવાની સર્વશ્રેષ્ઠ પદ્ધતિ અંગેના એક સર્વેમાં સમગ્ર ભારતમાં પ્રથમ ક્રમે કયું રાજ્ય છે ?

(A) ઓડિશા (B) આસામ (C) આંધ્રપ્રદેશ (D) કર્ણાટક **(B)**

7. આવશ્યક દવાઓ અને તબીબી ઉપકરણોના કેન્દ્ર સરકારે નક્કી કરેલા ભાવોનું ઉલ્લંઘન ન થાય તે માટે મોનિટરિંગ યુનિટની સ્થાપના કરનાર ભારતના પ્રથમ રાજ્યનું નામ શું છે ?

(A) આસામ (B) ઓડિશા (C) કર્ણાટક (D) કેરળ **(D)**

**8 FEBRUARY, 2019 FRIDAY**

## ➤ SAFE CITY PROJECT માટે ગુજરાતના અમદાવાદની પસંદગી



ભારતમાં **જાહેર સ્થળોએ મહિલાઓની સુરક્ષા માટે** પ્રાયોગિક ધોરણે ભારતના **8** શહેરોમાં **'Safe City Project' (સુરક્ષિત શહેર યોજના)** શરૂ કરવામાં આવશે.

- આ આઠ શહેરોમાં ગુજરાતના **અમદાવાદ**ની પણ પસંદગી કરવામાં આવી છે.
- અમદાવાદ ઉપરાંત દિલ્હી, કોલકાતા, મુંબઈ, ચેન્નાઈ, બેંગાલુરુ, હૈદરાબાદ અને લખનૌમાં આ યોજના શરૂ કરવામાં આવશે.
- નિર્ભયા ફંડ યોજના માટે રચાયેલી અધિકૃત અધિકારીઓની સમિતિ દ્વારા આ યોજનાને મંજૂરી આપવામાં આવી છે.
- આ યોજનામાં **કેન્દ્ર-રાજ્ય**ના ખર્ચનો હિસ્સો **60 : 40** છે.

### Safe City Projectની વિશેષતા

આ પ્રોજેક્ટ અંતર્ગત મહિલા સુરક્ષા માટે શહેરમાં અનેક વ્યવસ્થા કરવામાં આવશે. જેમ કે,

(1) એક **Integrated Smart Control Room** સ્થાપવામાં આવશે.

(2) મહિલાઓ સરળતાથી ફરિયાદ કરી શકે તે માટે મહિલા સંચાલિત **Pink કુટિર** બનાવવામાં આવશે.

(3) આ શહેરોમાં પેટ્રોલિંગ માટે મહિલાઓની **Pink Petroling ટીમ** બનાવવામાં આવશે.

(4) દરેક પોલીસ સ્ટેશનમાં એક **મહિલા સહાયતા ડેસ્ક** અને **કાઉન્સેલર** હશે.

(5) વર્તમાન **આશા જ્યોતિ કેન્દ્રો**ને સશક્ત બનાવવામાં આવશે.

(6) બસોમાં મહિલાઓની સુરક્ષા માટે – કેમેરા વગેરેની વ્યવસ્થા કરવામાં આવશે.

(7) જે રસ્તાઓ પર મહિલાઓની છેડતી વધારે થતી હોય ત્યાં પ્રકાશની વ્યવસ્થા કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ રાષ્ટ્રીય આદિવાસી કલા મહોત્સવ-2019



તાજેતરમાં 3થી 5 ફેબ્રુઆરી 2019 દરમિયાન ગુજરાતમાં **પૂર્વનું પ્રવેશદ્વાર** ગણાતા **દાહોદ** ખાતે **'રાષ્ટ્રીય આદિવાસી કલા મહોત્સવ-2019'**નું આયોજન થયું હતું.

- ગુજરાતમાં પ્રથમ વખત યોજાયેલા આ રાષ્ટ્રીય આદિવાસી કલા મહોત્સવનું ઉદ્ઘાટન ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ કર્યું હતું.
- ભારતના વિવિધ રાજ્યોના આદિજાતિ કલામંડળોના સેંકડો કલાકારોએ આ મહોત્સવમાં ભાગ લીધો હતો.

### આદિજાતિ ભવનનું લોકાર્પણ

આ પ્રસંગે મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ 2.63 કરોડથી વધુ રકમના ખર્ચે નિર્માણ પામેલા **આદિજાતિ ભવનનું દાહોદ** ખાતેથી લોકાર્પણ કર્યું હતું.

## ➤ સારથી-4 સોફ્ટવેર

ગુજરાત સરકારના વાહન વ્યવહાર વિભાગ દ્વારા **સારથી-4** સોફ્ટવેર અમલી બનાવવામાં આવ્યું છે.

- આ અંતર્ગત ગુજરાતમાં ડ્રાઈવિંગ લાઈસન્સ રીન્યુઅલ, ડુપ્લિકેટ વગેરે કામગીરી ઓનલાઈન બનાવવામાં આવી છે.
- આ માટેનું ડોક્યુમેન્ટ સબમીશન અને પેમેન્ટ પણ ઓનલાઈન થશે.
- હવે ડ્રાઈવિંગ લાઈસન્સની મુદત પૂર્ણ થયાના **365 દિવસ પહેલા**થી રીન્યુઅલ પ્રોસેસ કરી શકાશે.
- સમયમર્યાદાની અંદર ડ્રાઈવિંગ લાઈસન્સ રીન્યુ કરવા માટે **રૂ. 400 ફી** લેવામાં આવશે.
- ડ્રાઈવિંગ લાઈસન્સની સમયમર્યાદા પૂરી થયાના **એક મહિના પછી** ડ્રાઈવિંગ લાઈસન્સ રીન્યુ કરવા માટે **પ્રતિ વર્ષ રૂ. 100** વધારાની ફી ચૂકવવાની રહેશે.
- ડ્રાઈવિંગ લાઈસન્સની મુદત પૂરી થયા બાદ વધુમાં વધુ **પાંચ વર્ષ** સુધીમાં તેને રીન્યુ કરાવી શકાશે.
- **50 વર્ષ** કે તેનાથી વધુ ઉંમર ધરાવતા અરજદારોને ડ્રાઈવિંગ લાઈસન્સ રીન્યુ કરાવવા માટે **તબીબી પ્રમાણપત્ર** નિયત ફોર્મમાં ભરીને અપલોડ કરવાનું રહેશે.

**નોંધ :** ભારત સરકારની વેબસાઈટ **Parivahan.gov.in** પરથી ઉપરોક્ત પ્રોસેસ ઓનલાઈન થઈ શકશે.

## ➤ શોપિંગ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એક્ટ, 2019

તાજેતરમાં મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**ની અધ્યક્ષતામાં મળેલી ગુજરાત સરકારની કેબિનેટની બેઠકમાં ગુજરાતમાં નવો **'શોપિંગ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એક્ટ, 2019'** લાવવાની મંજૂરી આપવામાં આવી છે.

### આ નવા એક્ટનો ઉદ્દેશ શું છે ?

ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસનો નવતર અભિગમ દાખવીને ગુજરાતમાં નાના વેપારીઓ પોતાનો વેપાર સરળતાથી કરી શકે તે માટે તથા તેમના વેપારમાં વૃદ્ધિ થાય તે માટે તેમજ શ્રમયોગી કર્મચારીઓની આવકમાં વૃદ્ધિ થાય તે માટે ગુજરાત સરકાર દ્વારા આ નવો એક્ટ લાવવામાં આવ્યો છે.

### જૂના કયા એક્ટની જગ્યાએ આ નવો એક્ટ આવશે ?

ગુજરાતમાં **'Gujarat Shops and Establishment Act, 1948**માં ફેરફાર કરીને તેની જગ્યાએ નવો **'Shopping and Establishment Act, 2019'** લાવવામાં આવશે.

- **શ્રી શાંતિલાલ શાહ કમિટી**ની ભલામણથી **11 જાન્યુઆરી, 1949**થી ગુજરાતમાં **'Gujarat Shops and Establishment Act, 1948'** અમલમાં આવ્યો હતો.
- આ એક્ટ તે સમયે **'Bombay Shops and Establishment Act, 1948** તરીકે ઓળખાતો હતો.

### નવા Shopping and Establishment Act 2019ની મહત્ત્વની જોગવાઈઓ

નવા 'શોપિંગ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ, 2019'ની કેટલીક મહત્ત્વની જોગવાઈઓ આ પ્રમાણે છે :

**વેપારીઓ તથા ધંધાદારીઓ માટે:**

(1) નાના વેપારીઓ અને નાના ઔદ્યોગિક એકમોને પ્રતિ વર્ષ રજીસ્ટ્રેશનમાંથી મુક્તિ આપવામાં આવશે. અને હવે વ્યવસાયનું **રજીસ્ટ્રેશન ફક્ત એક જ વખત** કરવાનું રહેશે.

(2) દસથી ઓછા શ્રમયોગીઓને કામ ઉપર રાખે ત્યાં સુધી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે નહિ. ફકત તેની જાણ કરવાની રહેશે.

(3) જીવન જરૂરી ચીજવસ્તુઓ માટેની **દુકાનો** વિવિધ પરવાનગીઓને આધીન **24 કલાક** ખુલ્લી રાખી શકાશે.

## ગુજરાતમાં કયાં આવેલી દુકાનો 24 કલાક ખુલ્લી રાખી શકાશે ?

નવા એક્ટ અંતર્ગત મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારો, નેશનલ હાઈવે, રેલવે પ્લેટફોર્મ, એસ.ટી. બસ સ્ટેન્ડ, હોસ્પિટલ, પેટ્રોલપંપ પર આવેલી દુકાનોને **24 કલાક** ખુલ્લી રાખી શકાશે.

- જ્યારે **નગરપાલિકા અને સ્ટેટ હાઈવે** પર આવેલ દુકાનોને **સવારના 6.00 વાગ્યાથી રાત્રીના 2.00 વાગ્યા** સુધી ખુલ્લી રાખી શકાશે.
- જોકે, દુકાનો ખુલ્લી રાખવાની આ છૂટ કેટલીક શરતોને આધીન આપવામાં આવશે.

## શ્રમયોગીઓ માટે જોગવાઈ

(1) શ્રમયોગી કર્મચારીઓને શીફટમાં કામ કરવાની છૂટ આપવામાં આવશે.

(2) તેમને **ઓવર ટાઈમ**માં **દોઢ ગણા**ને બદલે હવેથી **બમણું વેતન** આપવામાં આવશે.

(3) **મહિલા** શ્રમયોગીઓ માટેનો સમય **સવારના 6.00**થી **રાત્રીના 9.00** સુધીનો રહેશે.

(4) **30થી વધુ મહિલાઓ** જે એકમોમાં નોકરી કરતી હોય ત્યાં તેમના બાળકો માટે **ઘોડિયાઘર**ની સુવિધા ઉપલબ્ધ કરાવાશે.

(5) જે એકમોમાં **100થી વધુ શ્રમયોગીઓ** નોકરી કરતા હોય ત્યાં **અલાયદી કેન્ટીન**ની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## આ નવો એક્ટ ક્યારથી અમલમાં આવશે ?

18 ફેબ્રુઆરી, 2019થી શરૂ થતા ગુજરાત વિધાનસભાના સત્રમાં આ કાયદો રજૂ કરવામાં આવશે અને તેને મંજૂરી મળ્યા બાદ આ કાયદો સમગ્ર ગુજરાતમાં અમલમાં આવશે.

## આ નવા કાયદાથી શું લાભ થશે ?

આ નવા કાયદાથી વેપારીઓ સરળતાથી પોતાનો વેપાર કરી શકશે, ગ્રાહકો અનુકૂળ સમયે ખરીદી કરી શકશે, શ્રમયોગીઓના હિતોનું રક્ષણ થશે અને રોજગારીમાં વૃદ્ધિ થશે.

## ICE ? Questions

1. જાહેર સ્થળોએ મહિલાઓની સુરક્ષા માટે 'Safe City Project' અંતર્ગત પ્રાયોગિક ધોરણે ભારતના કુલ 8 શહેરોમાંથી ગુજરાતના કયા શહેરની પસંદગી કરવામાં આવી છે ?
(A) ગાંધીનગર (B) અમદાવાદ (C) સુરત (D) રાજકોટ **(B)**

2. તાજેતરમાં 3થી 5 ફેબ્રુઆરી, 2019 દરમિયાન ગુજરાતમાં કઈ જગ્યાએ પ્રથમ વખત 'રાષ્ટ્રીય આદિવાસી કલા મહોત્સવ 2019'નું આયોજન થયું હતું ?
(A) ડાંગ (B) પંચમહાલ (C) દાહોદ (D) છોટાઉદેપુર **(C)**

3. તાજેતરમાં ગુજરાતમાં પ્રથમ વખત દાહોદ ખાતે યોજાયેલા 'રાષ્ટ્રીય આદિવાસી કલા મહોત્સવ 2019'નું ઉદ્દઘાટન કોણે કર્યું હતું ?
(A) શ્રી રામનાથ કોવિંદ (B) શ્રી વેંકૈયા નાયડુ
(C) શ્રી ઓ.પી. કોહલી (D) શ્રી વિજયભાઈ રૂપાણી **(D)**

4. તાજેતરમાં ગુજરાત સરકારના વાહન વ્યવહાર વિભાગ દ્વારા ડ્રાઈવિંગ લાઈસન્સ અંગેની પ્રોસેસ ઓનલાઈન કરવા માટે કયું સોફ્ટવેર અમલી બનાવવામાં આવ્યું છે ?
(A) સાથી-4 (B) સાથીયા-4 (C) સારથી-4 (D) સત્યા-4 **(C)**

5. તાજેતરમાં ગુજરાત સરકારે કરેલી જાહેરાત અનુસાર ગુજરાતમાં હવેથી ડ્રાઈવિંગ લાઈસન્સની મુદત પૂરી થયાના કેટલા દિવસ પહેલાથી તેને રીન્યુ કરાવી શકાશે ?
(A) 30 દિવસ (B) 60 દિવસ (C) 150 દિવસ (D) 365 દિવસ **(D)**

6. તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટની બેઠકમાં ગુજરાતમાં વેપારના સરળીકરણ માટે કયા નવા એક્ટની મંજૂરી આપવામાં આવી છે ?
(A) શોપ્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ, 2019 (B) શોપ્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ, 2018
(C) શોપ્સ એન્ડ એસ્ટાબ્લિશ એક્ટ, 2019 (D) શોપિંગ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ, 2019 **(D)**

7. ગુજરાતમાં કયા એક્ટની જગ્યાએ નવો 'શોપિંગ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ, 2019' લાવવામાં આવશે ?
(A) ગુજરાત શોપિંગ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ, 1948
(B) ગુજરાત શોપિંગ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ, 1949
(C) ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ, 1948
(D) ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ, 1949 **(C)**

8. ગુજરાત સરકાર દ્વારા અમલમાં આવનાર નવા 'શોપિંગ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ, 2019ની મહત્ત્વની જોગવાઈઓના સંદર્ભમાં નીચેનામાંથી કઈ જોગવાઈ સાચી નથી ?
(A) નાના વેપારીઓ અને ઔદ્યોગિક એકમોએ હવે ફક્ત એક જ વખત રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.
(B) નાના વેપારીઓને પ્રતિ વર્ષ રજીસ્ટ્રેશનમાંથી મુક્તિ.
(C) 15થી ઓછા શ્રમયોગી ધરાવતા વેપારીઓએ ફક્ત જાણ કરવાની રહેશે. તેમને રજીસ્ટ્રેશન કરાવવાની જરૂર નથી.
(D) જીવન જરૂરી ચીજવસ્તુઓ માટેની દુકાનો 24 કલાક ખુલ્લી રાખી શકાશે. **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

ICE Questions

9. ગુજરાતમાં નવો શોપિંગ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ, 2019 અમલમાં આવ્યા બાદ ગુજરાતમાં નીચેનામાંથી કયા વિસ્તારમાં આવેલી દુકાનો 24 કલાક ખુલ્લી નહિ રાખી શકાય ?

(A) નેશનલ હાઈવે (B) મ્યુનિસિપલ કોર્પોરેશન
(C) નગરપાલિકા (D) હોસ્પિટલ **(C)**

10. ગુજરાતમાં નવા 'શોપિંગ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ, 2019' અનુસાર આ એક્ટ અમલમાં આવ્યા બાદ ગુજરાતમાં પ્રાઈવેટ સેક્ટરના શ્રમયોગીઓને ઓવર ટાઈમ દરમિયાન કેટલું વેતન આપવામાં આવશે ?

(A) દોઢ ગણું (B) બમણું (C) અઢી ગણું (D) ત્રણ ગણું **(B)**

## 9 FEBRUARY, 2019 SATURDAY

### ➤ આસામ બજેટ 2019-20 : દરેક દુલ્હનને 1 તોલા સોનું

તાજેતરમાં **આસામ**ના નાણામંત્રી **શ્રી હેમંત બિસ્વા સરમા**એ આસામ વિધાનસભામાં વર્ષ 2019-20નું બજેટ રજૂ કર્યું હતું.

- આ બજેટમાં કરવામાં આવેલી જોગવાઈ અનુસાર **આસામ**માં દરેક સમુદાયની **દુલ્હન(નવવધૂ)**ને **એક તોલા (11.66 ગ્રામ) સોનું** ભેટ સ્વરૂપે આપવામાં આવશે. જેની વર્તમાન બજાર કિંમત આશરે રૂ. 38,000 જેટલી છે.
- આ ઉપરાંત આસામમાં **ગરીબો**ને હવે **ત્રણ રૂપિયા**ની જગ્યાએ **એક રૂપિયા પ્રતિ કિલો**ના ભાવથી **ચોખા** આપવામાં આવશે.

### ➤ RBIની Monetary Policyની સમીક્ષા બેઠકમાં લેવાયેલા કેટલાક અગત્યના નિર્ણયો


તાજેતરમાં 5થી 7 ફેબ્રુઆરી, 2019 દરમિયાન RBIના ગવર્નર **શ્રી શક્તિકાંત દાસ**ની અધ્યક્ષતામાં **મુંબઈ** ખાતે **RBI Monetary Policy**ની નાણાકીય વર્ષ 2018-19ની **છઠ્ઠી દ્વિમાસિક સમીક્ષા બેઠક**નું આયોજન થયું હતું.

- આ બેઠકમાં લેવાયેલા કેટલાક મહત્ત્વના નિર્ણયો તથા અન્ય વિશેષતા આ પ્રમાણે છે :
  - **Repo Rate 0.25 ટકા** ઘટાડીને 6.50 ટકાથી **6.25 ટકા** કરવામાં આવ્યો છે.
  - અને **Reverse Repo Rate** પણ **0.25 ટકા** ઘટાડીને 6.25 ટકાથી **6.00 ટકા** કરવામાં આવ્યો છે.
  - વર્ષ **2019-20**માં ભારતનો **GDP** વધીને **7.4 ટકા** રહેવાનો અંદાજ.
  - જ્યારે વર્ષ **2018-19**માં ભારતનો **GDP વૃદ્ધિદર 7.2 ટકા** રહેવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે.
  - આ ઉપરાંત ભારતમાં ખેડૂતોને ગેરંટી વગર કૃષિ ધિરાણ આપવાની મર્યાદા **રૂ. 1 લાખ**થી વધારીને **રૂ. 1.60 લાખ** કરવામાં આવી છે. જેનાથી નાના અને સીમાંત ખેડૂતોને લાભ થશે.

**નોંધ :** RBIની Monetary Policyની હવે પછીની સાતમી બેઠક 2થી 4 એપ્રિલ, 2019 દરમિયાન યોજાશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ International IP Index 2019




અમેરિકન ચેમ્બર ઓફ કોમર્સના Global Innovation Policy Center (GIPC) દ્વારા તાજેતરમાં 7 ફેબ્રુઆરી, 2019ના રોજ International IP (Intellectual Property-બૌદ્ધિક સંપદા) Index 2019 પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- આ ઈન્ડેક્ષ અનુસાર વર્ષ 2018ની તુલનાએ **રેન્કમાં સૌથી વધુ સુધારો ભારતનો** થયો છે.
- વર્ષ 2018ના આ ઈન્ડેક્ષમાં **ભારત** કુલ 50 દેશોમાં **44મા** ક્રમે હતું.
- વર્ષ 2019માં **8 ક્રમની** છલાંગ લગાવીને ભારત આ રેન્કમાં **36મા** ક્રમે પહોંચી ગયું છે.
- વર્ષ 2017માં આ રેન્કમાં ભારત કુલ 45 દેશોમાંથી **43મા** ક્રમે હતું.

### પ્રથમ અને અંતિમ રેન્ક

વર્ષ 2019 આ બૌદ્ધિક સંપદા ઈન્ડેક્ષમાં **અમેરિકા પ્રથમ** ક્રમે છે.

- જ્યારે **અમેરિકા** બાદ **બ્રિટન બીજા** અને **સ્વીડન ત્રીજા** ક્રમે છે.
- **વેનેઝુએલા** આ ઈન્ડેક્ષમાં **અંતિમ 50મા** ક્રમે છે.

### ઈન્ટરનેશનલ બૌદ્ધિક સંપદા (IP) ઈન્ડેક્ષ 2019 રેન્ક

| ક્રમ | દેશ |
|---|---|
| 1 | અમેરિકા |
| 2 | બ્રિટન |
| 3 | સ્વીડન |
| 4 | ફ્રાન્સ |
| 5 | જર્મની |

| ક્રમ | દેશ |
|---|---|
| 25 | ચીન |
| 36 | ભારત |
| 47 | પાકિસ્તાન |
| 50 | વેનેઝુએલા |

**નોંધ :** વર્ષ 2019ના ઈન્ટરનેશનલ બૌદ્ધિક સંપદા ઈન્ડેક્ષમાં કુલ 45માંથી **ભારતનો ઓવર ઓલ સ્કોર 16.22** છે.

## ➤ CBIના નવા ડિરેક્ટર તરીકે શ્રી ઋષિ કુમાર શુક્લાની નિમણૂક



ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં **CBIના નવા ડિરેક્ટર** તરીકે **શ્રી ઋષિ કુમાર શુક્લા**ની નિમણૂક કરવામાં આવી છે.

- CBIના ડિરેક્ટર તરીકે **શ્રી ઋષિ કુમાર શુક્લા**એ CBIના કાર્યકારી ડિરેક્ટર **શ્રી એમ. નાગેશ્વર રાવ**નું સ્થાન લીધું છે.
- શ્રી ઋષિ કુમાર શુક્લા **1983**ની બેચના **IPS ઓફિસર** છે અને તેઓ **ગ્વાલિયર**ના રહેવાસી છે.
- CBIના ડિરેક્ટર પદે નિમણૂક અગાઉ તેઓ **મધ્યપ્રદેશ રાજ્યના DGP (Director General of Police)** હતા.
- શ્રી ઋષિ કુમાર આ અગાઉ જ્યારે અબૂ સાલેમ અને તેમની પ્રેમિકા મોનિકા બેદીને પોર્ટુગલથી ભારત લાવ્યા હતા ત્યારે તેઓ ચર્ચામાં રહયા હતા.

## CBI

CBI ભારતની અગ્રણી **તપાસ એજન્સી** છે. તેનું પૂરું નામ **'Central Bureau of Investigation'** છે.

- CBIની સ્થાપના **'Special Police Establishment (SPE)'** તરીકે **1941**માં થઈ હતી.
- ત્યારબાદ તેના અધિકાર અને કાર્યવાહી **'Dilhi Special Police Establishment Act, 1946'** દ્વારા વ્યાખ્યાયિત કરવામાં આવ્યા છે.
- અને તેને 1 એપ્રિલ, 1963ના રોજ ગૃહ મંત્રાલયના એક ઠરાવ દ્વારા તેનું **વર્તમાન નામ** –**Central Bureau of Investigation (CBI)** આપવામાં આવ્યું હતું.
- સ્થાપના સમયે તેનું વડું મથક **લાહોર** ખાતે હતું.
- CBIનું વર્તમાન વડું મથક **નવી દિલ્હી**માં **લોધી રોડ** ખાતે આવેલું છે.
- CBIનો મોટો **'Industry, Impartiality, Integrity'** છે.
- CBI ભારત સરકારના **Personnel, Public Grievances and Pensions** મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે.

**નોંધ : CBIના પ્રથમ ડિરેક્ટરનું નામ શ્રી ડી. પી. કોહલી છે.**

### ICE Questions

1. તાજેતરમાં ભારતના કયા રાજ્યના બજેટમાં દરેક દુલ્હનને 1 તોલા સોનું ભેટ સ્વરૂપે આપવાની જાહેરાત કરવામાં આવી છે ?
   (A) ઓડિશા (B) ઉત્તરપ્રદેશ (C) અરૂણાચલપ્રદેશ (D) આસામ **(D)**

2. તાજેતરમાં 5થી 7 ફેબ્રુઆરી, 2019 દરમિયાન મળેલી RBIની Monetary Policyની વર્ષ 2018-19ની છઠ્ઠી દ્વિમાસિક સમીક્ષા બેઠકમાં લેવાયેલા નિર્ણયોના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
   (1) રેપો રેટ 0.25 ટકા ઘટાડીને 6.25 ટકા કરવામાં આવ્યો છે.
   (2) રિવર્સ રેપો રેટ 0.25 ટકા ઘટાડીને 6.00 ટકા કરવામાં આવ્યો છે.
   (3) ખેડૂતોને ગેરંટી વગર કૃષિ ધિરાણ આપવાની મર્યાદા રૂ. 1 લાખથી વધારીને રૂ. 1.6 લાખ કરવામાં આવી છે.
   (A) 1, 2, 3 (B) 1, 3 (C) 2, 3 (D) 1, 2 **(A)**

3. GIPC દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા ઈન્ટરનેશનલ બૌદ્ધિક સંપદા (IP) ઈન્ડેક્ષ 2019માં કુલ 50 દેશોમાં ભારત કયા ક્રમે છે ?
   (A) 44 (B) 43 (C) 37 (D) 36 **(D)**

4. GIPC દ્વારા પ્રસિદ્ધ થયેલા ઈન્ટરનેશનલ બૌદ્ધિક સંપદા ઈન્ડેક્ષ 2018માં ભારત કુલ 50 દેશોમાં કયા ક્રમે હતું ?
   (A) 43 (B) 44 (C) 45 (D) 46 **(B)**

5. CBIના નવા ડિરેક્ટર તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?
   (A) શ્રી એમ. નાગેશ્વર રાવ (B) શ્રી રાકેશ અસ્થાના
   (C) શ્રી આલોક વર્મા (D) શ્રી ઋષિ કુમાર શુક્લા **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE Questions

6. CBIના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાન સાચાં છે ?
(1) તેની સ્થાપના સ્પેશિયલ પોલીસ એસ્ટાબ્લિશમેન્ટ તરીકે 1941માં થઈ હતી.
(2) સ્થાપના સમયે તેનું વડું મથક ઈસ્લામાબાદ ખાતે હતું.
(3) તેનું વર્તમાન વડું મથક નવી દિલ્હીના લોધી રોડ ખાતે આવેલું છે.
(4) તેનું પૂરું નામ 'Central Bureau of Agency' છે.
(A) 1, 2, 3, 4 (B) 1, 3, 4 (C) 1, 2, 3 (D) 1, 3 **(D)**

7. CBIનો મોટો અથવા તો તેના આદર્શ વાકયમાં નીચેનામાંથી કયા શબ્દનો સમાવેશ થતો નથી ?
(A) Industry (B) Impartiality (C) Integrity (D) Investigation **(D)**

8. CBI ભારત સરકારના કયા મંત્રાલયના અધિકારક્ષેત્ર હેઠળ કાર્ય કરે છે ?
(A) ગૃહ મંત્રાલય (B) રક્ષા મંત્રાલય
(C) પર્સોનેલ, પબ્લિક ગ્રિવન્સીસ અને પેન્શન મંત્રાલય (D) A અને B બંને

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# ONE LINER
## CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના નવા કુલપતિ

ગુજરાતની **સૌરાષ્ટ્ર યુનિવર્સિટી**ના **17મા** કુલપતિ તરીકે **પ્રો. નીતિન પેથાણી**ની નિમણૂક કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ તરીકે પ્રો. નીતિન પેથાણી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિનો હવાલો સંભાળી રહેલા **ડો. નિલાંબરીબેન દવે**નું સ્થાન લેશે. આ ઉપરાંત સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના **ઉપકુલપતિ** તરીકે **ડો. વિજય દેશાણી**ની નિમણૂક કરવામાં આવી છે.

### ➤ દેશમાં પ્રથમ વખત રાજકોટમાં 26 પશુઓને કૃત્રિમ પગ લગાવાયા

ભારતમાં સૌપ્રથમ વખત ગુજરાતના **રાજકોટ** ખાતે યોજાયેલા એક કેમ્પમાં **26 પશુઓને કૃત્રિમ પગ** લગાવીને તેમને ચાલતા કરવામાં આવ્યા છે. રાજકોટમાં આ માટેના નિઃશુલ્ક કેમ્પનું આયોજન રાજકોટના કલેક્ટર ડો. રાહુલ ગુપ્તાના માર્ગદર્શન હેઠળ જિલ્લા પ્રાણી અત્યાચાર નિવારણ સોસાયટી તથા કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ (એનિમલ હેલ્પલાઈન)ના સંયુક્ત ઉપક્રમે થયું હતું.

# ભારત

## ➤ BARC ઈન્ડિયાના નવા અધ્યક્ષ તરીકે શ્રી પુનીત ગોયંકાની નિમણૂક

તાજેતરમાં BARC (Broadcast Audience Research Council) Indiaના નવા અધ્યક્ષ તરીકે Zee એન્ટરટેનમેન્ટ એન્ટરપ્રાઈઝીસના MD અને CEO શ્રી પુનીત ગોયંકાની નિમણૂક કરવામાં આવી છે.

## ➤ ભારતે ન્યુઝીલેન્ડમાં 4-1થી વન-ડે સિરીઝ જીતી

ન્યુઝીલેન્ડના પ્રવાસે ગયેલી ભારતીય ક્રિકેટ ટીમે ન્યુઝીલેન્ડ સામેની પાંચ મેચોની વન ડે સિરીઝ 4-1થી જીતી લીધી છે. આ પાંચ મેચોમાંથી પ્રથમ ત્રણ મેચમાં ભારતીય ટીમના કેપ્ટન શ્રી વિરાટ કોહલી અને અંતિમ બે મેચમાં શ્રી રોહિત શર્મા ભારતીય ટીમના કેપ્ટન હતા. આ ઉપરાંત પાંચ મેચોની આ વન ડે સિરીઝમાં ભારતના પ્રસિદ્ધ બોલર શ્રી મોહમ્મદ શામી મેન ઓફ ધ સિરીઝ જાહેર થયા હતા.

## ➤ ભારતમાં બંદી બનાવીને રાખેલા સૌથી વધુ હાથીઓ આસામ અને કેરળમાં

તાજેતરમાં ભારતમાં બંદી બનાવીને રખાયેલા હાથીઓ અંગે સૌપ્રથમ વખત એક સર્વે થયો હતો. આ સર્વે અનુસાર ભારતમાં બંદી બનાવીને રખાયેલા હાથીઓની સંખ્યા 2,454 છે. જેમાંથી 58% આસામ (905) અને કેરળ (518)માં છે. આ ઉપરાંત કુલ 2,454 બંદી બનાવીને રાખેલા હાથીઓમાંથી ત્રીજા ભાગના હાથીઓ ગેર–કાયદેસર રીતે કેદ કરીને રાખવામાં આવ્યા છે.

## ➤ IIT મદ્રાસ દ્વારા 'સ્પેસ ફ્યૂઅલ' બનાવવામાં આવ્યું

તાજેતરમાં ભારતમાં IIT મદ્રાસના સંશોધકોને 'સ્પેસ ફ્યૂઅલ' તૈયાર કરવામાં સફળતા મળી છે. આ 'સ્પેસ ફ્યૂઅલ' ભારત માટે જૈવિક ઈંધણનો એક સ્વચ્છ અને સતત વિકલ્પ બની રહેશે એવું સંશોધકોનું માનવું છે. આ 'સ્પેસ ફ્યૂઅલ'થી ગ્રીન હાઉસ ગેસ અને ગ્લોબલ વોર્મિંગના નિયંત્રણમાં મદદ થશે.

## ➤ Operation Smile-V

ભારતમાં તેલંગાણાના હૈદરાબાદ શહેરની પોલીસ દ્વારા 'ઓપરેશન સ્માઈલ-V' નામથી એક અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત જાન્યુઆરી 2019માં 300થી વધુ મજૂરી કરતા કે પછી ભીખ માંગતા બાળકોને બચાવવામાં આવ્યા છે.

## ➤ રણજી ટ્રોફી 2018-19

તાજેતરમાં ભારતમાં યોજાયેલી વર્ષ 2018-19ની રણજી ટ્રોફી ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઈનલ મેચમાં સૌરાષ્ટ્રને પરાજય આપીને વિદર્ભની ટીમે આ ટુર્નામેન્ટ સતત બીજી વખત જીતી લીધી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# વિશ્વ

## ➤ ઈન્ટરનેશનલ ક્રિકેટમાં સૌથી નાની ઉંમરે અડધી સદી ફટકારનાર ખેલાડી

તાજેતરમાં **નેપાળ**ના યુવા ક્રિકેટર **શ્રી રોહિત પૌડેલે** સંયુક્ત આરબ અમિરાત વિરુદ્ધ 16 વર્ષ અને 146 દિવસની ઉંમરે જ અડધી સદી ફટકારી છે. આ સાથે જ **શ્રી રોહિત પૌડેલ** શ્રી સચિન તેંડુલકરનો રેકોર્ડ તોડીને **આંતરરાષ્ટ્રીય ક્રિકેટ**માં **અડધી સદી ફટકારનાર સૌથી યુવાન ખેલાડી** બની ગયા છે.

## ➤ કાર્નોટ પુરસ્કાર 2018

તાજેતરમાં ભારત સરકારના રેલવે અને કોલસા મંત્રી **શ્રી પીયૂષ ગોયલ**ને વર્ષ **2018**ના **કાર્નોટ પુરસ્કાર**થી સન્માનિત કરવામાં આવ્યા છે. **એનર્જી પોલિસી ક્ષેત્રે** વિશિષ્ટ સહયોગ બદલ **અમેરિકા** સ્થિત **Kleinman Center For Engery Policy** દ્વારા આ એવોર્ડ આપવામાં આવે છે.

## ➤ Hoveizeh Cruise Missile

**ઈરાન** દ્વારા તાજેતરમાં **'હોવીઝેહ'** નામની એક **ક્રૂઝ મિસાઈલ**નું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે. આ મિસાઈલની મારક ક્ષમતા 1,350 કિમી છે.

## ➤ આવર્ત કોષ્ટકના 150 વર્ષ પૂર્ણ

ઈ.સ. **1869**માં **મેન્ડેલીફ** દ્વારા **આધુનિક આવર્ત કોષ્ટક** રજૂ કરવામાં આવ્યું હતું. વર્ષ **2019**માં તેને **150 વર્ષ** પૂર્ણ થયા છે. આથી, **UNESCO** દ્વારા વર્ષ **2019**ને **'આંતરરાષ્ટ્રીય આવર્ત કોષ્ટક વર્ષ'** જાહેર કરવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ICE Questions

- સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના નવા કુલપતિ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?
  – પ્રો. નીતિન પેથાણી
- સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઉપ કુલપતિ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?– ડો. વિજય દેશાણી
- તાજેતરમાં ભારતમાં સૌપ્રથમ વખત કઈ જગ્યાએ યોજાયેલા કેમ્પમાં 26 પશુઓને કૃત્રિમ પગ લગાવીને ચાલતા કરવામાં આવ્યા છે ? – રાજકોટ
- BARC Indiaના નવા અધ્યક્ષ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી પુનીત ગોયંકા
- ભારતે તાજેતરમાં ન્યુઝીલેન્ડમાં કેટલા અંતરથી પાંચ મેચોની વન ડે સિરીઝ જીતી લીધી છે ? – 4-1
- ભારતના કયા બે રાજ્યોમાં બંદી બનાવીને રાખેલા હાથીઓની સંખ્યા સૌથી વધારે છે ?
  – (સૌથી વધુ) આસામ અને (ત્યારબાદ) કેરળ
- તાજેતરમાં ભારતની કઈ સંસ્થાના સંશોધકોને 'સ્પેસ ફ્યૂઅલ' તૈયાર કરવામાં સફળતા મળી છે ?
  – IIT મદ્રાસ
- ભારતમાં મજદૂરી કરતા કે ભીખ માંગતા બાળકોને બચાવવા માટે કયા શહેરની પોલીસ દ્વારા 'ઓપરેશન સ્માઈલ-V' શરૂ કરવામાં આવ્યું છે ? – હૈદરાબાદ
- રણજી ટ્રોફી 2018-19 વિજેતા ટીમનું નામ શું છે ? – વિદર્ભ
- તાજેતરમાં કઈ ટીમને પરાજય આપીને વિદર્ભની ટીમે સતત બીજી વખત રણજીટ્રોફી જીતી લીધી છે ?
  – સૌરાષ્ટ્ર
- ઈન્ટરનેશનલ ક્રિકેટમાં સૌથી નાની ઉંમરે અડધી સદી બનાવવાનો રેકોર્ડ તાજેતરમાં કયા ખેલાડીએ નોંધાવ્યો છે ?
  – શ્રી રોહિત પૌડેલ (નેપાળ)
- તાજેતરમાં ભારતના કયા મહાનુભાવને વર્ષ 2018ના કાર્નોટ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે ?
  – શ્રી પીયૂષ ગોયલ
- તાજેતરમાં ઈરાન દ્વારા 1,350 કિમીની મારક ક્ષમતા ધરાવતી કઈ ક્રૂઝ મિસાઈલનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હોવાનો દાવો કરવામાં આવ્યો છે ? – હોવીઝેહ (Hoveizeh)
- તાજેતરમાં આધુનિક આવર્ત કોષ્ટક રજૂ થયાના કેટલા વર્ષ પૂર્ણ થવાને પ્રસંગે UNESCO દ્વારા વર્ષ 2019ને 'આંતરરાષ્ટ્રીય આવર્ત કોષ્ટક વર્ષ' તરીકે ઉજવવાની જાહેરાત કરવામાં આવી છે ? – 150 વર્ષ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# ભારત સરકારનું વર્ષ 2019-20નું બજેટ

## ➢ વિઝન 2030

વર્ષ 2019-20ના બજેટમાં **શ્રી પીયૂષ ગોયલે** વર્ષ 2030 સુધીના **ભારતના વિઝન**ની જાહેરાત કરી હતી.

- આ વિઝન અંતર્ગત 2030 સુધીમાં ગરીબી, કુપોષણ, ગંદકી અને નિરક્ષરતા રહિત ભારતનું નિર્માણ કરવામાં આવશે.
- 2030નું ભારત આધુનિક, ટેક્નોલોજી યુક્ત, ઉચ્ચ વિકાસ તથા સમાન અને પારદર્શક સમાજ ધરાવતું હશે.
- આ માટે **વિઝન 2030**ના ભારતના **10 પરિમાણ (Dimensions)** આ પ્રમાણે છે :

(1) વર્ષ 2030 સુધીમાં ભારતને **10 ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા** બનાવવા તેમજ **સરળ સુખદ જીવનશૈલી** માટે ભૌતિક તેમજ સામાજિક માળખાનું નિર્માણ કરવામાં આવશે.

(2) એક એવા ડિજિટલ ઈન્ડિયાનું નિર્માણ કરવામાં આવશે કે જ્યાં ભારતનો યુવાન ડિજિટલ ભારતના સર્જન માટે વ્યાપક સ્તરે સ્ટાર્ટ–અપ અને ઈકો–સિસ્ટમમાં લાખો રોજગારીનું સર્જન કરીને તેનું નેતૃત્વ કરશે.

(3) ભારતને **પ્રદૂષણ મુક્ત રાષ્ટ્ર** બનાવવા માટે ઈલેક્ટ્રિકલ વાહનો અને નવીકરણ ઊર્જા પર વિશેષ ધ્યાન આપવામાં આવશે.

(4) આધુનિક ડિજિટલ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને તેમજ ગ્રામીણ ઔદ્યોગિકરણનો વિસ્તાર કરીને **મોટા પ્રમાણમાં રોજગારીનું સર્જન** કરવામાં આવશે.

(5) તમામ ભારતીયો માટે **સુરક્ષિત પેયજળ** ઉપલબ્ધ કરાવવામાં આવશે તેમજ ભારતની તમામ **નદીઓ સ્વચ્છ** હશે અને સુક્ષ્મ સિંચાઈ દ્વારા ભારતમાં **સિંચાઈના પાણીનો કાર્યક્ષમ ઉપયોગ** કરવામાં આવશે.

(6) ભારતમાં દરિયા કિનારાના તથા સમુદ્રી માર્ગોના માધ્યમથી દેશના વિકાસને સશક્ત બનાવવામાં આવશે. આ માટે **સાગરમાલા કાર્યક્રમ**ના પ્રયાસોમાં ઝડપ લાવવામાં આવશે.

(7) સમગ્ર વિશ્વમાં આજે ભારત ઉપગ્રહો છોડવા માટેનું **'લોન્ચ પેડ'** બની ગયું છે. 2022 સુધીમાં **'ગગનયાન'** દ્વારા ભારતીય અવકાશયાત્રીઓને અવકાશમાં મોકલવામાં આવશે.

(8) સૌથી વધુ જૈવિક રીતે ભારતમાં ખાદ્ય અન્નનું ઉત્પાદન કરવામાં આવશે અને **ખાદ્યઅન્નની નિકાસમાં ભારતને આત્મનિર્ભર બનાવવા**માં આવશે અને વિશ્વની ખાદ્ય અન્નની જરૂરિયાતો પૂરી કરવા માટે ખાદ્ય અન્નની નિકાસ કરવામાં આવશે.

(9) 2030 સુધીમાં **સ્વસ્થ ભારત**ના નિર્માણ માટે બહેતર સ્વાસ્થ્ય સંભાળ અને વ્યાપક આરોગ્યપ્રદ પ્રથાની સાથે સાથે આયુષ્માન ભારત અને મહિલાની ભાગીદારી તેના મહત્ત્વના ઘટકો હશે.

(10) ભારતને **ન્યૂનતમ સરકાર અને મહત્તમ ગવર્નન્સવાળા રાષ્ટ્ર**માં પરિવર્તિત કરવું કે જેમાં એક ચૂંટાયેલી સરકાર સાથે જવાબદારી પૂર્વક ચાલતા સહકર્મચારીઓ અને અમલદારો હોય.

**નોંધ :** (1) આવતા પાંચ વર્ષોમાં એટલે કે 2024 સુધીમાં ભારત 5 ટ્રિલિયન (લાખ કરોડ) ડોલરની અર્થવ્યવસ્થા બની જશે તેવો અંદાજ છે.

(2) 2024 બાદ 6 કે 8 વર્ષમાં ભારત 10 ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બની જશે તેવી આકાંક્ષા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# વર્ષ 2019-20ના કેન્દ્ર સરકારના બજેટ વિશેના પરીક્ષાલક્ષી મહત્ત્વના પ્રશ્નો

ICE Questions

1. વર્ષ 2019-20નું કેન્દ્ર સરકારનું વચગાળાનું બજેટ કોણે રજૂ કર્યું હતું ?
(A) શ્રી અરૂણ જેટલી (B) શ્રી પીયૂષ ગોયલ (C) શ્રી સુરેશ પ્રભુ (D) શ્રી નીતિન ગડકરી **(B)**

2. ભારતમાં નાણાંકીય વર્ષ કયાંથી કયાં સુધીનું હોય છે ?
(A) 1 જાન્યુઆરીથી 31 ડિસેમ્બર (B) 1 ફેબ્રુઆરીથી 31 જાન્યુઆરી
(C) 1 માર્ચથી 28 ફેબ્રુઆરી (D) 1 એપ્રિલથી 31 માર્ચ **(D)**

3. વર્ષ 2019-20ના કેન્દ્ર સરકારના બજેટનું કુલ કદ કેટલું છે ?
(A) રૂ. 24,57,235 કરોડ (B) રૂ. 24,26,965 કરોડ (C) રૂ. 27,84,200 કરોડ (D) રૂ. 25,57,235 કરોડ **(C)**

4. વર્ષ 2018-19ની તુલનાએ ભારત સરકારના વર્ષ 2019-20ના બજેટના કદમાં કેટલો વધારો કરવામાં આવ્યો છે ?
(A) રૂ. 3,26,965 કરોડ (B) રૂ. 4,26,965 કરોડ (C) રૂ. 5,26,965 કરોડ (D) રૂ. 6,27,965 કરોડ **(A)**

5. વર્ષ 2018-19ની તુલનાએ કેન્દ્ર સરકારના વર્ષ 2019-20ના બજેટના કદમાં કેટલા ટકા વધારો કરવામાં આવ્યો છે ?
(A) 12.30% (B) 13.30% (C) 14.30% (D) 15.30% **(B)**

6. નાણાકીય વર્ષ 2019-20માં ભારત સરકારની રાજકોષીય ખાદ્ય GDPના કેટલા ટકા રહેવાનો અંદાજ છે ?
(A) 3.30% (B) 3.5% (C) 3.4% (D) 3.0% **(C)**

7. નાણાકીય વર્ષ 2020-21માં રાજકોષીય ખાદ્ય ઘટાડીને GDPના કેટલા ટકા કરવાનું ભારત સરકારનું લક્ષ્ય છે ?
(A) 3.1% (B) 3.2% (C) 3.3% (D) 3% **(D)**

8. નાણાકીય વર્ષ 2019-20માં ભારત સરકારની કુલ મહેસૂલી આવક કેટલી રહેવાનો અંદાજ છે ?
(A) 24,52,131 કરોડ (B) 25,52,131 કરોડ (C) 26,52,131 કરોડ (D) 20,52,131 કરોડ **(B)**

9. વર્ષ 2018-19ની તુલનાએ વર્ષ 2019-20માં ભારત સરકારની કુલ મહેસૂલી આવકમાં કેટલા ટકાનો વધારો થવાનો અંદાજ છે ?
(A) 13.2% (B) 13.3% (C) 13.4% (D) 13.5% **(D)**

10. નાણાકીય વર્ષ 2019-20માં ભારતની મહેસૂલી ખાદ્ય GDPના કેટલા ટકા રહેવાનો અંદાજ છે ?
(A) 2% (B) 2.1% (C) 2.2% (D) 2.3% **(C)**

11. વર્ષ 2021-22માં મહેસૂલી ખાદ્ય ઘટાડીને GDPના કેટલા ટકા કરવાનું ભારત સરકારનું લક્ષ્ય છે ?
(A) 2% (B) 1.8% (C) 1.6% (D) 1.5% **(D)**

12. નાણાકીય વર્ષ 2019-20માં ભારત સરકારનું કુલ ચોખ્ખું દેવું કેટલું થવાનો અંદાજ રાખવામાં આવ્યો છે ?
(A) રૂ. 7,03,999 કરોડ (B) રૂ. 6,03,999 કરોડ (C) રૂ. 5,03,999 કરોડ (D) રૂ. 4,03,999 કરોડ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

13. વચગાળાના બજેટ 2019-20 અનુસાર વર્ષ 2019-20 માટેનો સરકારનો ડિસઈન્વેસ્ટમેન્ટનો લક્ષ્યાંક કેટલો છે ?

(A) રૂ. 90,000 કરોડ (B) રૂ. 80,000 કરોડ (C) રૂ. 1 લાખ કરોડ (D) રૂ. 95,000 કરોડ **(A)**

14. નાણાકીય વર્ષ 2019-20ના વચગાળાના બજેટ અનુસાર સંરક્ષણ ક્ષેત્રને કેટલા રૂપિયા ફાળવવાનો અંદાજ છે ?

(A) <3 લાખ કરોડ (B) >3 લાખ કરોડ (C) <30 હજાર કરોડ (D) > 30 હજાર કરોડ **(B)**

15. વર્ષ 2019-20માં રેલવે સંચાલન રેશિયો કેટલો રહેવાનો અંદાજ છે ?

(A) 98.4% (B) 96.2% (C) 95% (D) 95.2% **(C)**

16. વર્ષ 2019-20ના વચગાળાના બજેટ અંગે નીચેના વિધાનો પૈકી કયું વિધાન સાચું છે ?

(A) અનુસૂચિત જાતિ માટે બજેટમાં 35.6 ટકા વધારો કરવામાં આવ્યો છે.

(B) અનુસૂચિત જનજાતિ માટે બજેટમાં 28 ટકા વધારો કરવામાં આવ્યો છે.

(C) પૂર્વોત્તર ક્ષેત્રોમાં માળખાગત સુવિધાઓના વિકાસ માટે 21 ટકાનો વધારો કરવામાં આવ્યો છે.

(D) ઉપરોક્ત તમામ **(D)**

17. વર્ષ 2019-20ના બજેટમાં કેટલી વાર્ષિક આવક ધરાવતા કરદાતાને ઈન્કમ ટેક્સમાંથી સંપૂર્ણપણે મુક્તિ આપવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે ?

(A) રૂ. 2.5 લાખ સુધી (B) રૂ. 3 લાખ સુધી (C) રૂ. 5 લાખ સુધી (D) રૂ. 6.5 લાખ સુધી **(C)**

18. વર્ષ 2019-20ના કેન્દ્ર સરકારના બજેટમાં રૂપિયા પાંચ લખાથી વધુ પગાર મેળવતા લોકો માટે સ્ટાન્ડર્ડ ડિડકશન 40,000 રૂપિયાથી વધારીને કેટલું કરવાનો પ્રસ્તાવ છે ?

(A) રૂ. 50,000 (B) રૂ. 60,000 (C) રૂ. 70,000 (D) રૂ. 80,000 **(A)**

19. કેન્દ્ર સરકારના વર્ષ 2019-20ના બજેટમાં બેન્કો અને પોસ્ટમાં ડિપોઝિટ પર મળતા વ્યાજ પર TDS મુક્તિ મર્યાદા રૂ. 10,000થી વધારીને કેટલી કરવામાં આવી છે ?

(A) રૂ. 20,000 (B) રૂ. 30,000 (C) રૂ. 40,000 (D) રૂ. 50,000 **(C)**

20. વર્ષ 2019-20ના બજેટમાં કેન્દ્ર સરકાર દ્વારા નાના અને સીમાંત ખેડૂતો માટે એક ખૂબ જ અગત્યની યોજના 'PM-KISAN'ની જાહેરાત કરવામાં આવી છે. આ PM-KISANનું પૂરું નામ શું છે ?

(A) Pradhan Mantri-Kisan SAmman Nidhi

(B) Pradhan Mantri-Kisan SAmpati Nidhi

(C) Pradhan Mantri-Kisan SAthi Nidhi

(D) Pradhan Mantri-Kisan SAmman Nigam **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE ? Questions

21. સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ PM-KISAN યોજના અંગે નીચેના પૈકી કયું/કયા વિધાન સાચું/સાચા છે ?
(1) 6 એકર કે તેથી ઓછી જમીન ધરાવતા ખેડૂતોને આ યોજનાનો લાભ મળશે.
(2) 2 હેકટર કે તેથી ઓછી જમીન ધરાવતા ખેડૂતોને આ યોજનાનો લાભ મળશે.
(3) આ યોજનાના લાભાર્થી ખેડૂતને દર મહિને ત્રણ હપ્તામાં 6000 રૂપિયા મળશે.
(A) 1 અને 3 (B) 2 અને 3 (C) ફક્ત 2 (D) ફક્ત 3 (C)

22. ભારતમાં ગાયોના સંવર્ધન સંરક્ષણ માટે સરકારે બજેટમાં કયા આયોગની રચના કરવાની જાહેરાત કરી છે ?
(A) રાષ્ટ્રીય ગૌમાતા આયોગ (B) રાષ્ટ્રીય ગાય સંરક્ષણ આયોગ
(C) રાષ્ટ્રીય કામધેનુ આયોગ (D) રાષ્ટ્રીય કામધેનુ સંરક્ષણ આયોગ (C)

23. વર્ષ 2019-20ના બજેટમાં કેન્દ્ર સરકારે કયા નવા વિભાગની રચના કરવાની જાહેરાત કરી છે ?
(A) મત્સ્ય વિભાગ (B) શિક્ષણ વિભાગ (C) કામધેનુ વિભાગ (D) મત્સ્યપાલન વિભાગ (D)

24. વર્ષ 2019-20ના બજેટમાં કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ 'પ્રધાનમંત્રી શ્રમ-યોગી માનધન' યોજના માટે નીચે પૈકી કયું વિધાન સાચું નથી ?
(A) આ એક બૃહદ પેન્શન યોજના છે.
(B) અસંગઠિત ક્ષેત્રના શ્રમિકો અને કારીગરોને આ યોજનાનો લાભ મળશે.
(C) સંગઠિત ક્ષેત્રના શ્રમિકો અને કારીગરોને આ યોજનાનો લાભ મળશે.
(D) લાભાર્થીને 60 વર્ષની ઉંમરથી દર મહિને રૂ. 3000 પેન્શન આપવામાં આવશે. (C)

25. વર્ષ 2019-20ના બજેટમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર આગામી 5 વર્ષમાં ભારતમાં કેટલા ગામોને ડિજિટલ બનાવવામાં આવશે ?
(A) 50 હજાર (B) 1 લાખ (C) 1.5 લાખ (D) 2 લાખ (B)

26. તાજેતરમાં વર્ષ 2019-20ના બજેટમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર ભારતમાં આંતરિક વ્યાપારને પ્રોત્સાહન આપવા માટે DIIP વિભાગનું નામ બદલીને નવું નામ શું રાખવામાં આવશે ?
(A) Department of Industrial Policy and Promotion
(B) Department of Indutrial Privacy and Policy
(C) Department for Promotion of Industries and Internal Trade.
(D) Department of Promotion for Industries and Internal Trade. (C)

27. વર્ષ 2019-20માં બજેટ ભાષણ દરમિયાન શ્રી પીયૂષ ગોયલે ભારતના કયા રાજ્યમાં નવી 22મી એઈમ્સની સ્થાપનાની જાહેરાત કરી છે ?
(A) ગુજરાત (B) પંજાબ (C) ઉત્તરપ્રદેશ (D) હરિયાણા (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

ICE Questions

28. નાણાકીય વર્ષ 2019-20માં પ્રધાન મંત્રી ગ્રામ સડક યોજના માટે કેટલા રૂપિયા ફાળવવામાં આવ્યા છે ?

(A) રૂ. 19,000 કરોડ (B) રૂ. 20,000 કરોડ (C) રૂ. 22,000 કરોડ (D) રૂ. 12,000 કરોડ **(A)**

29. નાણાકીય વર્ષ 2019-20માં MNREGA માટે રૂપિયા 60,000 કરોડ ફાળવવામાં આવ્યા છે જે ગત વર્ષ કરતાં કેટલા ટકા વધુ છે ?

(A) 10% (B) 9% (C) 8% (D) 5% **(B)**

30. વર્ષ 2019-20ના બજેટમાં થયેલી જાહેરાત અનુસાર ભારતમાં બોલિવુડ ફિલ્મની ગોપનિયતા અને કંટેન્ટ ચોરી અટકાવવા માટે કયા એક્ટમાં સુધારો કરીને એન્ટી કેમ કોર્ડ દાખલ કરવામાં આવશે ?

(A) એન્ટિ પાયરસી એક્ટ (B) સિનેમેટોગ્રાફ એક્ટ

(C) એન્ટિ ફિલ્મ થેફ્ટ એક્ટ (D) એન્ટિ થેફ્ટ એક્ટ **(B)**

31. વર્ષ 2019-20ના બજેટમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર ભારતમાં ભટકતા–અર્ધ ભટકતા સમુદાયો માટે સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય અંતર્ગત શેની રચના કરવામાં આવશે ?

(A) એક સમિતિ (B) કલ્યાણ વિકાસ બોર્ડ

(C) કલ્યાણ આયોગ (D) કલ્યાણ વિકાસ વિભાગ **(B)**

32. ભારત સરકારના વર્ષ 2019-20ના બજેટ અનુસાર ભારતની કુલ આવકમાં સૌથી વધુ 21-21 ટકા હિસ્સો શેનો છે ?

(A) ઈન્કમ ટેક્સ અને કોર્પોરેશન ટેક્સ (B) GST અને ઈન્કમ ટેક્સ

(C) GST અને કોર્પોરેટ ટેક્સ (D) GST અને કોર્પોરેશન ટેક્સ **(D)**

33. ભારત સરકારના બજેટ અનુસાર નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન સરકારના કુલ ખર્ચમાંથી સૌથી વધુ (23 ટકા) ખર્ચ શા માટે થશે ?

(A) કેન્દ્ર સરકારની યોજનાઓ માટે (B) સંરક્ષણ માટે

(C) વ્યાજની ચૂકવણીમાં (D) રાજ્યોને ટેક્સ અને ફરજનો હિસ્સો આપવામાં **(D)**

34. તાજેતરમાં રજૂ થયેલું વર્ષ 2019-20નું કેન્દ્ર સરકારનું બજેટ કયા પ્રકારનું હતું ?

(A) સામાન્ય બજેટ (B) સામાન્ય નાણાકીય નિવેદન

(C) વચગાળાનું કે Interim (D) લેખાનુદાન કે Vote on Account **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE Questions

35. ભારતના બંધારણમાં લેખાનુદાન અથવા તો Vote on Accountની જોગવાઈ કયા અનુચ્છેદમાં કરવામાં આવી છે ?

(A) અનુચ્છેદ 112 (B) અનુચ્છેદ 114 (C) અનુચ્છેદ 116 (D) અનુચ્છેદ 118 **(C)**

36. ભારતીય બંધારણના કયા અનુચ્છેદ અંતર્ગત 'Interim' અથવા તો 'વચગાળા'ના બજેટની જોગવાઈ કરવામાં આવી છે ?

(A) અનુચ્છેદ 112 (B) અનુચ્છેદ 114

(C) અનુચ્છેદ 118 (D) આ અંગેની કોઈ જોગવાઈ નથી **(D)**

36. વર્ષ 2019-20ના બજેટમાં શ્રી પીયૂષ ગોયલે ભારત સરકારના કયા વિઝનની જાહેરાત કરી હતી ?

(A) વિઝન 2022 (B) વિઝન 2025 (C) વિઝન 2030 (D) વિઝન 2035 **(C)**

37. તાજેતરમાં જાહેર કરવામાં આવેલા ભારત સરકારના વિઝન 2030 અનુસાર 2030 સુધીમાં ભારતની અર્થવ્યવસ્થાનું કદ વધારીને કેટલું કરવાનું સરકારનું લક્ષ્ય છે ?

(A) 5 ટ્રિલિયન ડોલર (B) 8 ટ્રિલિયન ડોલર (C) 10 ટ્રિલિયન ડોલર (D) 15 ટ્રિલિયન ડોલર **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

દરેક પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી ફ્રી ઓનલાઈન મટીરિયલ્સની માહિતી માટે icerajkot PAGE LIKE કરો.

FACEBOOK
icerajkot

આ મેગેઝિન ફ્રી મેળવવા માટે અમારી નવી AUTHENTIC TELEGRAM CHANNEL

(t.me / icerajkotofficial)
આજે જ JOIN કરો.




ALL TYPE OF COMPETITIVE EXAMS

- GPSC
- SBI
- PSI
- TALATI
- UPSC
- PO
- PI
- Dy. S.O.
- IBPS
- CLERK
- CONSTABLE
- Dy. MAMLATDAR

- સ્પર્ધાત્મક પરીક્ષાના નિષ્ણાતો દ્વારા અભ્યાસ.
- ગણિત, ENGLISH, ગુજરાતી અને સામાન્ય જ્ઞાનની સર્વગ્રાહી સફળ ફોર્મ્યુલા.
- પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી.
- જરૂરી અને મર્યાદિત વાંચનના માધ્યમથી પરીક્ષાલક્ષી અને પરિણામલક્ષી તૈયારી.
- વ્યૂહાત્મક તૈયારી માટે અલ્ટ્રાપ્લાનિંગ.
- અનુભવી નિષ્ણાતો દ્વારા તૈયાર થયેલું ટુ ધી પોઈન્ટ અપડેટેડ સ્ટડી મટીરિયલ્સ.
- સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ.